**આજનો સુવિચાર**

જીંદગી સાવ ટુંકી છે, આ જીદગીને દુશ્મનો બનાવવામાં કે ગુનાઓની યાદમાં પસાર કરશો નહી

તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : કાર્તિક આર. ઉપાધ્યાય

Post Regn. G/JND/23
(VALID up to 31-12-2023)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ

દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૫ અંક : ૨૮૨ જૂનાગઢ તા.૧૫-૧૧-૨૦૨૧ સોમવાર પાના : ૮ કિંમત ૧.૫૦ રૂ. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, સેન્ટ્રલ જેઈલ રોડ, જૂનાગઢ. ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ


# મોરબી નજીકથી રૂા.૬૦૦ કરોડનું ડ્રગ્સ ઝડપાયું

મોરબી તા. ૧૫

તાજેતરમાં કચ્છ અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં કરોડો રૂપિયાનું ડ્રગ્સ ઝડપાયા બાદ હવે મોરબી જિલ્લામાંથી પણ આજે રૂા.૬૦૦ કરોડનું ૧૨૦ કિલો ડ્રગ્સ ઝડપાતા ખળભળાટ મચી ગયો છે. પોલીસે મોરબી જિલ્લાના ઝીંઝુડા ગામે દરોડો પાડીને બે શખ્સોને ડ્રગ્સના મોટા જથ્થા સાથે ઝડપી લીધા છે. આ દરોડા અમદાવાદ એટીએસ તથા મોરબી એસઓજી અને સ્થાનિક પોલીસે પાડયો હતો. પોલીસે દરગાહના મુંજાવર સહિત ૪ શખ્સોની ધરપકડ કરી હતી. એટીએસ અને મોરબી એસઓજીએ નવલખી પોર્ટ પાસે આવેલા ઝીંઝુડા ગામમાં ગત મધરાતે દરોડો પાડી ડ્રગ્સનો મોટો જથ્થો ઝડપી લીધા હોવાના પ્રાથમિક અહેવાલ મળે છે, જોકે આ ઘટના અંગે એટીએસના સુત્રોએ કંઈપણ કહેવાનો ઈન્કાર કરી દીધો હતો.

દેવભૂમિ દ્વારકા જિલ્લામાંથી એક સપ્તાહ પહેલા કરોડો રૂપિયાનો ડ્રગ્સનો જથ્થો ઝડપાયા બાદ સ્થાનિક પોલીસને વધુ એક સફળતા મળી છે. એટીએસ અને મોરબી પોલીસે ઝીંઝુડા ગામમાં મોડીરાત્રે દરોડો પાડીને બે શખ્સને કરોડો રૂપિયાના માદક પદાર્થના જથ્થા સાથે ઝડપીલીધા છે. આ બન્ને શખ્સો કોણ છે, કેટલી માત્રામાં ડ્રગ્સ પકડાયું છે. તે બાબતે એટીએસ અને સ્થાનિક પોલીસના ટોચના અધિકારીઓએ મૌન સેવી લીધું હતું.

સૌરાષ્ટ્રના દરિયાકાંઠેથી વાયા પાકિસ્તાન થઈને માદક પદાર્થ ભારતના અનેક રાજયમાં સપ્લાય થતું હોવાનું સ્પષ્ટ થયા બાદ સ્થાનિક પોલીસ અને એટીએસએ બાતમીદારોનું નેટવર્ક વધારી દેતાં ટૂંકા સમયમાં જ અબજો રૂપિયાનું ડ્રગ્સ પકડાયું છે. જેમાં આંધ્રપ્રદેશ સહિતના રાજયોના શખ્સોની સંડોવણી ઉપરાંત સૌરાષ્ટ્રના કેટલાક નાપાક તત્વોના નામ પણ બહાર આવ્યા હતા. દરમ્યાન સ્થાનિક પોલીસ અને એટીએસને વધુ એક સચોટ માહિતી મળી હતી કે, મોરબીથી ૩૫ કિલોમીટર દૂર દરિયાકાંઠે આવેલા ઝીંઝુડા ગામમાં કેટલાક શખ્સો માદક પદાર્થની હેરાફેરીમાં સંડોવાયેલા છે. આ અંગે ખરાઈ કર્યા બાદ એટીએસના ડીવાયએસપી કક્ષાના અધિકારી ઉપરાંત સ્થાનિક પોલીસને સાથે રાખીને ગતરાત્રે દરોડો પાડવામાં આવ્યો હતો.

તેમાં કેટલાક ઘરોની તલાશી લેવામાં આવતા કરોડો રૂપિયાનું ડ્રગ્સ પકડાયું હોવાનું પ્રાથમિક તબક્કે બહાર આવ્યું છે.

જો કે, એટીએસના અધિકારીઓએ હાલ રાત્રિના એક વાગ્યે કામગીરી ચાલુ હોવાનું અને કુલ કેટલો મુદામાલ પકડાયો છે તે કહેવા અંગે મૌન સેવી લીધું હતું. પરંતુ દેવભૂમિ દ્વારકા પંથકમાંથી જેટલો જથ્થો ઝડપાયો તેનાથી વધુ મુદામાલ હોવાનું પણ સૂત્રો જણાવી રહ્યા છે. બે મકાનમાં તલાશી લેવાનું મોડીરાત્રી સુધી ચાલુ રહ્યું હતું.

### દિલ્હી સરકારે સુપ્રિમ કોર્ટમાં સોગંદનામુ રજુ કર્યુ

## વાયુ પ્રદૂષણ મામલે સમગ્ર દિલ્હીમાં સંપૂર્ણ લોકડાઉન માટે સરકાર તૈયાર

નવી દિલ્હી તા. ૧૫

વાયુપ્રદૂષણના મુદ્દે સુપ્રીમમાં એફિડેવિડ દાખલ કરવા દિલ્હી સરકારે જણાવ્યું કે દિલ્હી સરકાર વાયુપ્રદૂષણને નિયંત્રિત કરવા માટે સંપૂર્ણ લોકડાઉન લગાડવા તૈયાર છે પરંતુ ટોટલ લોકડાઉન ત્યારે કારગર નીવડે કે જ્યારે તેને સમગ્ર એનસીઆર વિસ્તારમાં લાગુ પાડવામાં આવે.

દિલ્હીનો જટિલ આકાર જોતા લોકડાઉનની વાયુ પ્રદૂષણ ઉપર નહિવત અસર થશે.દિલ્હીની વાયુ ગુણવત્તામાંસામાન્ય સુધારો થયોછે. જો કે આ હજુ પણ બહુ ખરાબ કેટેગરીમાંછે. આની વચ્ચેફરીઆજે સુપ્રીમ કોર્ટમાં સુનાવણી થઈ રહી છે. જ્યાં દિલ્હી સરકાર તરફથી શક્ય લોકડાઉનનો પ્રસ્તાવ રાખવામાં આવ્યો છે.

## વડાપ્રધાન મોદીનાં અધ્યક્ષ સ્થાને ક્રિપ્ટોકરન્સી સહિતનાં મુદ્દે બેઠક યોજાઈ

નવી દિલ્હી, તા.૧૫ :

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ક્રિપ્ટોકરન્સી અને સંબંધિત મુદ્દાઓ ઉપર એક મહત્વપૂર્ણ બેઠક યોજી હતી. સૂત્રોના જણાવ્યા અનુસાર, આ બેઠકમાં એવી જરૂરિયાત અનુભવવામાં આવી હતી કે ઉચ્ચ નફાકારક અને બિનપારદર્શક રીતે જાહેરાતો દ્વારા યુવાનોને ગેરમાર્ગે દોરવાના પ્રયાસો બંધ કરવામાં આવે. બેઠકમાં એવી પણ ચર્ચા કરવામાં આવી હતી કે અનિયંત્રિત માર્કેટને મની લોન્ડરિંગ અને ટેરર ફંડિંગનો સ્રોત બનવાની મંજૂરી આપી શકાય નહીં.

આ બેઠકમાં એવી ચર્ચા કરવામાં આવી હતી કે, સરકાર જાણે છે કે, આ એક ઉભરતી ટેક્નોલોજી છે, તેથીસરકાર તેના ઉપર ચાંપતી નજર રાખી રહી છે અને આ સંદર્ભે ઘણા જરૂરી પગલાં પણ ઉઠાવશે. આ મામલે સરકારે પ્રગતિશીલ અને ભવિષ્યને ધ્યાનમાં રાખીને જરૂરી તમામ પગલાં લેવા જોઈએ તેવી પણ બેઠકમાં ચર્ચા કરવામાં આવી હતી. સરકાર આ મામલે નિષ્ણાતો અને હિતધારકો સાથે વાત કરવાનું ચાલુ રાખશે. આ મામલો દેશોની સીમાઓમાં બંધાયેલો ન હોઈ શકે, તેથી આ મામલે વૈશ્વિક ભાગીદારીની પણ જરૂર છે.

## સીએનજીનાં ભાવ વધારાનાં વિરોધમાં રાજયનાં ૧૫ લાખ રીક્ષા ચાલકોની આજથી બે દિવસીય હડતાલ

અમદાવાદ તા. ૧૫

અમદાવાદ સહિત રાજ્યના રિક્ષાચાલકોનાં વિવિધ એસોસિયેશનો-સંગઠનો દ્વારા રચવામાં આવેલી સીએનજી ભાવવધારા વિરોધી સમિતિ દ્વારા CNGનો ભાવવધારો પાછો ખેંચવા રિક્ષાચાલકોને અન્ય રાજ્યોની જેમ રૂપિયા પંદર હજારની સહાય, રીક્ષા ચાલકો ઉપર થતા પોલીસ અત્યાચાર બંધ કરવાવગેરે મુદ્દાઓ બાબતે ૧૫ નવેમ્બર આખો દિવસ, ૧૬ નવેમ્બર બપોર ૧૨.૦૦ વાગ્યાસુધી હડતાળ પાળશે. આ હડતાળમાં જોડાવા અંગે રિક્ષાચાલક યુનિયનમાં મતમતાંતર હોવાનું જાણવા મળ્યું છે. અમદાવાદ રેલવે સ્ટેશન ઓટો રિક્ષાડ્રાઈવર યુનિયન દ્વારા હડતાળમાં નહીં જોડાવાની જાહેરાત પણ કરવામાં આવી છે.

આ મામલે અમદાવાદના જૂના સર્કિટ હાઉસ ખાતે રિક્ષાચાલકના પ્રતિનિધિઓ અને ટેક્સીચાલકના પ્રતિનિધિઓની બેઠક પણ યોજાઈ હતી. ૧૨ નવેમ્બરે રાજયપાલને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. આ ઉપરાંત કાળીપટ્ટી ધારણ કરી વિરોધ પણ નોંધાવ્યો હતો. રિક્ષાચાલક સમિતિએ દાવો કર્યો છે કેઆંદોલનમાં ૧૫ લાખ કરતાં વધારે રિક્ષાચાલકો અને ૫૦ હજાર જેટલા ટેકસીચાલકો જોડાશે.

### સમાચાર રાઉન્ડ અપ

- આજે સાંજે નાણામંત્રી સીતારમનની પત્રકાર પરીષદ : આર્થિક ક્ષેત્રે મહત્વની જાહેરાત થવાની સંભાવના
- ઉદ્યોગ જગત માટે અચ્છે દિન: એક વર્ષમાં નફો ૪૬.૪ ટકા વધ્યો
- મહારાષ્ટ્રનાં રત્નાગીરીમાં ગતરાત્રે ભુકંપનો આંચકો : તિવ્રતા ૪.૦
- આજે દેશમાં કોરોનાનાં ૧૦૨૨૯ કેસ નોંધાયા : ગઈકાલની સરખામણીએ ૯ ટકા ઓછા કેસ
- રશિયાએ ભારતને એસ-૪૦૦ એર ડિફેન્સ મિસાઈલ સીસ્ટમ આપવાની શરૂઆત કરી દીધી: ચીન-અમેરીકાનાં પેટમાં તેલ રેડાયું
- શહેરો કરતા ગામડાઓમાં મોંઘવારી વધુ

## લદાખમાં ચીનનો પ્રતિકાર કરવા ભારતીય સૌન્યએ હોવિત્ઝર તોપ તૈનાત કરી

નવી દિલ્હી તા. ૧૫

લદાખમાં ચીન સાથે ચાલી રહેલા સીમા વિવાદ વચ્ચે ભારતીય સેના વધુ M૭૭૭ અલ્ટ્રા-લાઈટ હોવિત્ઝર્સ સાથે તેની ક્ષમતાઓને વધારવા માટે તૈયાર છે. હોવિત્ઝરને પહાડોમાં ઝડપથી તૈનાત કરી શકાય છે. ભારતે નવેમ્બર ૨૦૧૬માં યુએસ પાસેથી ૭૫ કરોડ ડોલરમાં ૧૪૫ હોવિત્ઝરનો ઓર્ડર આપ્યો હતો.જૂન ૨૦૨૨ સુધીમાં સેનાને વધુ ૫૬ M૭૭૭મળશે. અત્યાર સુધીમાં ૮૯ હોવિત્ઝર્સની ડિલિવરી કરવામાં આવી છે. સેનાએ લદ્દાખમાં M૭૭૭ તૈનાત કર્યા છે, જ્યાં ભારત અને ચીન ૧૮ મહિનાથી વધુ સમયથી સરહદ રેખામાં બંધ છે.


**સ્ટાફ જોઈએ છે**

કોમ્પ્યુટરનાં અનુભવી અને સિંગદાણાનાં કારખાનાનાં અનુભવી સ્ટાફની જરૂર છે. પગાર લાયકાત મુજબ આપવામાં આવશે.

:: કોન્ટેકટ ::

૯૯૦૪૭ ૬૫૭૫૭, ૯૯૭૪૬ ૫૫૭૫૭

**હોટલ / રીસોર્ટ/ગેસ્ટહાઉસ ભાડે / લીઝથી જોઈએ છે**

જૂનાગઢ, ગિર સોમનાથ, દેવભૂમિ દ્વારકા વિસ્તારમાં વાર્ષિક ધોરણે ચલાવવા માટે જોઈએ છે

સંપર્ક : ૯૬૨૪૪ ૬૫૦૦૦






જૂનાગઢ શહેરમાં ઉપલબ્ધ : ઠા. ધીરજલાલ વનમાળીદાસ 97231 97530, 94283 73350 ; રમેશકુમાર મગનલાલ એન્ડ કું. 94266 34036


C M Y K    C M Y K

# આ વર્ષનું આખરી ચંદ્રગ્રહણ ૧૯ નવેમ્બરે અને સૂર્યગ્રહણ ૪ ડિસેમ્બર ૨૦૨૧નાં રોજ થશે

નવીદિલ્હી તા.૧૫

સૂર્યગ્રહણ અને ચંદ્ર ગ્રહણને સમગ્ર વિશ્વમાં મોટી ખગોળશાસ્ત્રીય ઘટનાઓ માનવામાં આવે છે. આપણા દેશમાં જ્યોતિષશાસ્ત્ર અનુસાર આ ખગોળીય ઘટનાઓ વધુ મહત્વપૂર્ણ બને છે. જ્યોતિષ શાસ્ત્ર અનુસાર જ્યારે પણ સૂર્યગ્રહણ અથવા ચંદ્રગ્રહણ થાય છે, ત્યારે તેની અસર તમામ મનુષ્યો ઉપર પડે છે. જ્યોતિષ શાસ્ત્ર અનુસાર ૧૨ રાશિઓ ઉપર ગ્રહણની વધુ કે ઓછો દુષ્પ્રભાવ થઈ શકે છે. સામાન્ય રીતે ગ્રહણને અશુભ અને ફળદાયી માનવામાં આવે છે. જો



કે અલગ-અલગપ્રદેશો અનુસાર ક્યાંક ગ્રહણ દેખાય છે તો ક્યાંક ગ્રહણ નથી દેખાતું. વર્ષ ૨૦૨૧ સમાપ્તથઈ રહ્યું છે, પરંતુ વર્ષપૂરૂ થાય એ પહેલા સ્ટારગેઝર્સ માટે સારૂ રહેવાનું છે. વર્ષના અંતમાં સૂર્ય અને ચંદ્રગ્રહણ બંને થવાના છે. વર્ષ ૨૦૨૧નું છેલ્લું ચંદ્રગ્રહણ ૧૯ નવેમ્બર ૨૦૨૧ના થશે, જ્યારે છેલ્લું સૂર્યગ્રહણ ૪ ડિસેમ્બર ૨૦૨૧ના રોજ થવાનું છે.૪ ડિસેમ્બર ૨૦૨૧ના માગશર મહિના(ડિસેમ્બર)ની અમાસ એટલે કે કૃષ્ણ પક્ષ તિથિના છેલ્લું સૂર્યગ્રહણ દક્ષિણ આફ્રિકા, એન્ટાર્કટિકા, ઓસ્ટ્રેલિયા, દક્ષિણ અમેરિકા અને એટલાન્ટિકના દક્ષિણ ભાગના લોકોને જોવા મળશે. ભારતમાં તેની બહુ અસર નહીં થાય. જેને આંશિક ગ્રહણ તરીકે પણ ઓળખવામાં આવે છે, તે એ છે જેમાં આકાશમાં આગની રીંગ દેખાય છે. આ ત્યારે થાય છે જ્યારે ચંદ્ર સૂર્યને ઢાંકી લે છે, પરંતુ સંપૂર્ણપણે નહીં. સૂર્યગ્રહણ ત્યારેથાય છે જ્યારે ચંદ્ર સૂર્ય અને પૃથ્વીની વચ્ચે આવે છે. નેશનલ એરોનોટિક્સ એન્ડ સ્પેસ એડમિનિસ્ટ્રેશન અનુસાર લોકોએ સાવચેત રહેવું જોઈએ અને પોતાની આંખોની સુરક્ષા માટેએક્લિપ્સ ગ્લાસનો ઉપયોગ કરવો જોઈએ.

# વિસાવદરનાં જાણીતા પત્રકાર યાસીન બ્લોચની પુત્રી ચિ. અફસાનાના શુભલગ્ન રંગેચંગે ઉત્સાહભેર સંપન્ન

**અકિલાના મેનેજીંગ તંત્રી કિરીટભાઇ ગણાત્રા, સૌરાષ્ટ્ર ભૂમિના તંત્રી કાર્તિકભાઇ ઉપાધ્યાય, જૂનાગઢ ટુડેના તંત્રી કૃષ્ણકાંતભાઇ રૂપારેલીયા, ધારાસભ્ય હર્ષદભાઇ રિબડીયા સહિત અખબારી આલમ-વિવિધક્ષેત્રના મહાનુભાવોની ઉપસ્થિતિ : નવદંપતિને આશીર્વાદ પાઠવ્યા**

(વિનુ પુરોહિત દ્વારા)

વિસાવદર તા.૧૫

વિસાવદરનાં અકિલાનાં જાણીતા પત્રકાર યાસીન બ્લોચની પુત્રી ચિ. અફસાનાનાં શુભલગ્ન લાલપુર નિવાસી મહમદ હુશેન જલાલભાઈ બ્લોચનાં પુત્ર ચિ. રફીક સાથે રંગેચંગે ઉત્સાહભેર સંપન્ન થયા હતા. આ શુભ અવસરે અકિલા પરિવારનાં મોભી કિરીટભાઈ ગણાત્રાએ આત્મિય લાગણી સાથે વિશેષ ઉપસ્થિત રહી નવદંપતિને આશીર્વાદ આપ્યા હતા. આ પ્રસંગે અખબારી આલમ સહિત વિવિધ ક્ષેત્રના મહાનુભાવો સર્વ કાર્તિકભાઈ ઉપાધ્યાય(તંત્રી "સૌરાષ્ટ્ર ભૂમિ" દૈનિક), કૃષ્ણકાંતભાઈ રૂપારેલીયા દંપતિ(તંત્રી "જૂનાગઢ ટુડે દૈનિક), વિસાવદર-ભેસાણ વિસ્તારના ધારાસભ્ય હર્ષદભાઈ રિબડીયા, ચેમ્બર ઓફ કોમર્સનાં પ્રમુખ દિલીપભાઈ કાનાબાર, જિલ્લા ભાજપનાં મંત્રી નરેન્દ્રભાઈ કોટીલા, જિલ્લા ભાજપનાં પૂર્વ મંત્રી રમણીકભાઈ દુધાત્રા, શહેર કોંગ્રેસ પ્રમુખ નયનભાઈ જોશી, પૂર્વ નાયબ માહિતી નિયામક વનરાજસિંહ બી. જાડેજા, જયેશભાઈ દવે, દેનાબેંકના પૂર્વ મેનેજરએ.બી.જાની, રાજકોટના ભાટીબાપુ, પ્રદુષણ વિભાગના પૂર્વ અધિકારી જાડેજા, એન.સી. પરમાર, ગર્લ્સહાઈસ્કૂલના ટ્રસ્ટી અબુલીભાઈ હિરાણી, ગુજરાત વકફ બોર્ડના ડીરેક્ટર સિરાજભાઈ માડકિયા, ન.પા.ના પૂર્વપ્રમુખ રજનીભાઈ ડોબરીયા, પૂર્વ સેક્રેટરી ગફારભાઈ ભોર, તા.પં.ના ભૂતપૂર્વ પ્રમુખ નલાભાઈ વિરડીયા, માજી સભાપતિ શંભુભાઈ માલવિયા, ધારાશાસ્ત્રીઓ સર્વ ભરતભાઈ વ્યાસ, રવજીભાઈ રામાણી, નયનભાઈ જોષી, હિરેનભાઈ જોષી, કમલેશભાઈ જોષી, અરવિંદભાઈ દુધાત, જીતુભાઈ વાળા, ઉદયસિંહ દાહીમા, જીતુભાઈ ઠાકર, નિકુંજ ભટ્ટી, નગર સેવક જસુભાઈ બસીયા, જયેન્દ્રસિંહ દાહીમા, વિસાવદર નગર પાલિકાના પૂર્વ અધિક્ષક રાજુભાઈ ભટ્ટ, એકાઉન્ટ બી.કે. જોષી, બાંધકામ સુપરવાઈઝર રણજીતસિંહ દાહીમા, ગ્રેઈન સીડ્ઝ મરચન્ટ એસોશીએશનનાં જગદીશભાઈ કોટક, મેડિકલ સાધન સેવા કેન્દ્રનાં પ્રમુખ ચંદ્રકાંતભાઈ ખુહા, સમભાવ મિત્ર મંડળનાં પ્રમુખઈલ્યાસભાઈ ભારમલ, પ્રોફેસરશ્રી વાજા, એન્જીનીયરશ્રી પડશાળા, દેના બેંકના મયુરભાઈ કાલરિયા, બ્રીજેશભાઈ દુધાત્રા, રોટરી ક્લબનાં રમણીકભાઈ ગોહેલ, સ્થાનિક પત્રકારો ગીજુભાઈ વિકમા, સી.વી.જોષી, કૌશિકપુરીબાપુ ગોસ્વામી, વિપુલભાઈ લાલાણી, ભરતભાઈ ત્રિવેદી, મુકેશભાઈ રિબડીયા, આસીફભાઈ કાદરી, ઉમેશભાઈ ગેડીયા, વિશાલ સાદરાણી, વિનુભાઈ પુરોહિત, કેયુરભાઈ અભાણી, મુસ્તાકભોર સહિત વિવિધ ક્ષેત્રના નામી-અનામી મહાનુભાવો, સગાં-સબંધીઓ-સ્નેહિઓ-મિત્રો-શુભેચ્છકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા અને નવદંપતિને આશીર્વાદ આપી બ્લોચપરિવારને શુભેચ્છા પાઠવી હતી.



# રાજય સરકાર દ્વારા કલેકટર સહિતના ટોચના અધિકારીઓને સાંસદ-ધારાસભ્યના નંબર મોબાઇલમાં સેવ રાખવા સુચના

**સોમ-મંગળવારે કોઇ મીટીંગ નહી રાખવા અને મુલાકાતીઓને મળવા ફરી નવસેરથી કરાયો પરિપત્ર**

ગાંધીનગર તા.૧૫

રાજ્યના વહીવટી તંત્રએ ફરી એકવખત સચિવોથી લઈને જિલ્લા કલેકટર અને ઉચ્ચ અધિકારીઓને સોમવાર-મંગળવારે કોઈ મીટિંગ નહીં કરવા અને મુલાકાતીઓને મળવા સમય આપવા સૂચના આપી છે. તે સાથે તમામ અધિકારીઓને ધારાસભ્યો અને સાંસદોના નંબર પોતાના ફોનમાં રાખવા અને તેમના પત્રોનો નિકાલ યોગ્ય સમયમર્યાદામાં કરવા માટે પણ તાકિદ કરી છે. મંત્રી મંડળ બદલાયા બાદ અધિકારીઓ ચૂંટાયેલા પ્રતિનિધિઓ તથા નાગરિકોનેસરળતાથી મળી શકે અને તેમના પ્રશ્નો સાંભળીને ઉકેલે તેની ઉપર ભાર મૂકવામાં આવી રહ્યો છે. સામાન્યવહીવટ વિભાગ દ્વારા બહાર પડાયેલા પરિપત્રમાં જણાવાયું છે કે, દરેક અધિક મુખ્ય સચિવ-અગ્ર સચિવ, સચિવ અને જિલ્લા કલેકટર તથા અધિકારી ખાતાના વડાએ સોમવાર-મંગળવારે તેમની કચેરીમાં અચૂક હાજરી આપવી. નવગુજરાત સમય ગાંધીનગર આ દિવસોએ કોઈ બેઠક કે અપીલની સુનાવણી રાખવી નહીં અને બંનો દિવસો મુલાકાતીઓને મળવા માટે ફાળવવા પડશે. તાલુકા-જિલ્લાથી લઈને સચિવાલય સુધીના તમામ અધિકારીએ સાંસદો-ધારાસભ્યના ફોન નંબર સેવ કરીને રાખવા અને તેમના ફોન અનિવાર્ય કારણથી ના ઉપાડી શકાય તો તુરત કોલબેક કરવો. તે સાથે તેમના તરફથી જે પત્ર મળે તે માટે પણ જીએડી દ્વારા અપાયેલી સૂચના મુજબ નિકાલ કરવો.

**કચેરીમાં ફોન કરે તો નોંધ કરવાની રહેશે**

ચૂંટાયેલા પ્રતિનિધિ કચેરીના નંબર ઉપર ફોન કરે તો પણ અધિકારીના કર્મચારી તેની નોંધ કરીને અધિકારીને તેની જાણ કરવાની રહેશે. અધિકારીને પ્રજાના કામો સરકારની મુખ્ય પ્રાથમિકતા હોવાથી સરકારી કચેરીમાં કામનો સરળતાથી નિકાલ થાય તે માટે યોગ્ય આયોજન કરવા માટે ચૂસ્ત પાલન કરવા પણ જણાવાયું છે.

# પાટીદાર સમાજનું હિત ન ઈચ્છતા લોકોને ફેંકી દેવા પડશે : હાર્દિક પટેલ

અમદાવાદ તા. ૧૫


જરાથડાનાં એક કાર્યક્રમમાં કોંગ્રેસનાંનેતા હાર્દિક પટેલે કહ્યું હતું કે આજે ઘરનો ડાયરો છે, ઘરના લોકો છે તો એક વાત કરવી છે, મનમાં ફાંકો હોય કે પાટીદારસમાજ એક છે તો તેમાં તથ્ય નથી ભેગા થવું, ગ્રાઉન્ડમાં આવીને સાથે બેસવું એસંગઠીત થયા તેવું નથી. પાટીદારને સામાજીક અને રાજકીય રીતે સંગઠીત થવા અનુરોધ કરેલ હતો. તેમજ જે સમાજનું હિત, ભવિષ્ય અનો પ્રગતિ નથી ઈચ્છતા તેમને ફેંકી દેવા પડશે તેવા હાર્દિકપટેલનાં નિવેદનથી રાજકીય ગરમાવો પ્રસરી જવા પામ્યો છે.

# કોંગ્રેસે મોંઘવારી વિરૂધ્ધ જનજાગૃતિ અભિયાન શરૂ કર્યુ

અમદાવાદ તા. ૧૫

રાજયમાં ૧૪ નવેમ્બરથી કોંગ્રેસ દ્વારા મોંઘવારીનાં વિરૂધ્ધમાંજનજાગૃતિ અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. જેમાં કોંગ્રેસનાં નેતા અમિત ચાવડા દ્વારા શરૂ કરવામાં આવેલ અભિયાનમાં અમદાવાદમાં લોકોનો મોંઘવારી વિષે સમજાવીને સાથ આપવા જણાવ્યું હતું. કોંગ્રેસે પણ પેજપ્રમુખ બનાવવાનો કાર્યક્મ શરૂ કર્યો છે. મોંઘવારીનાં સતત વધારા સામે કોંગ્રેસ દ્વારા અનેક વિરોધપ્રદર્શનો કરવામાં આવ્યા છે.

# કાળીયા ઠાકોરના શરણે રાજકોટના ભક્ત દ્વારા સાડા છ કિલો ચાંદી અર્પણ કરાયું



જામ ખંભાળિયા તા.૧૫

દેવભૂમિ દ્વારકા ખાતે આવેલા વિશ્વ વિખ્યાત દ્વારકાધીશજી મંદિરની ખ્યાતિ તથા પ્રસિદ્ધિ સાથે દર્શનનું અનન્ય મહાત્મય છે. દ્વારકામાં આવેલા કાળીયા ઠાકોરના મંદિરે નિયમિત રીતે દેશ-વિદેશમાંથી મોટી સંખ્યામાં ભક્તો દર્શનાર્થે આવે છે. ભગવાન શ્રીકૃષ્ણના ભક્તો અવાર-નવાર નોંધપાત્ર રકમ તથા દાગીના વિગેરે અર્પણ કરી અને શ્રદ્ધા વ્યક્ત કરે છે. જેમાં રાજકોટના એક રઘુવંશી પરિવારના સદ્‌ગૃહસ્થદ્વારા ગઈકાલે તુલસીવિવાહ(અગિયારસ)ના પવિત્ર દિવસે ૬,૫૦૦ ગ્રામ ચાંદીની ભેટ અર્પણ કરવામાં આવી હતી.

# ગોંડલ સ્વામિનારાયણ મંદિર અક્ષર ડેરીની મુલાકાત લેતા જૂનાગઢ મેડિકલ કોલેજ અને હોસ્પિટલનાં તબીબો



જૂનાગઢ તા.૧૫

બીએપીએસ સંસ્થા દ્વારા સંચાલિત ગોંડલ સ્વામિનારાયણ મંદિર અક્ષર ડેરીની જૂનાગઢ જી.એમ.ઈ.આર.એસ. મેડિકલ કોલેજ એન્ડ હોસ્પિટલના પેથોલોજી વિભાગના એસોસિયેટ પ્રોફેસર ડોક્ટર હાર્દિક મકવાણા તથા મેડિકલ કોલેજના સ્ટુડન્ટઓએ શુભેચ્છા મુલાકાત લીધેલ હતી અને પરમ પૂજ્ય મહંત સ્વામીના આશિષ પ્રાપ્ત કરેલ હતા.

# દ્વારકામાં ઈંડાની લારીઓ દુર કરવા તંત્રને રજૂઆત



(રાકેશ સામાણી દ્વારા)

દ્વારકા તા.૧૫

યાત્રાધામ દ્વારકામાં રૂક્ષ્મણી મંદિર હાઈવે રોડ ઉપર આવેલી ઈંડાની લારીઓ દુર કરવા દ્વારકા દેવસ્થાન સમિતિના ઉપાધ્યક્ષ અને રીલાયન્સ ગુજરાતના પ્રેસિડેન્ટ ધનરાજભાઈ નથવાણીએ ટ્વીટર ઉપર દેવભૂમિ દ્વારકા જિલ્લા કલેકટર, મામલતદાર, સી.ડી.એચ.ઓ. દ્વારકા, ચીફ ઓફિસર અને ગુજરાત ટુરિઝમને રજૂઆત કરી છે.

**જાહેરમાં વેચાતા ઈંડાની લારીઓ હટાવી જોઈએ : નારાયણનંદ સ્વામી**

યાત્રાધામ દ્વારકામાં શંકરાચાર્ય શારદાપીઠના સ્વામી નારાયણનંદજીએ જણાવ્યું કે, યાત્રાધામ દ્વારકામાં આવતા યાત્રાળુઓ વર્ષા પહેલા લસણ ખાધા વગર પણ જીવતા હતા માટે હિન્દુનું યાત્રાધામ દ્વારકામાં ખુલ્લઆમ ઈંડા અને નોનવેજની લારીઓને હટાવી જોઈએ. આ પહેલાં પણ તંત્રને અનેકવખત રજૂઆતો કરી હતી પરંતુ અલગ-અલગ કચેરીઓ એક બીજા ઉપર જવાબદારી નાખીને છટકવાનો પ્રયાસ કરી રહ્યા છે. તો આગામી દિવસોમાં લોકો પોતાનો ગુસ્સો જાહેરમાં લાવે તે પહેલાં દ્વારકા નગરીને નોનવેજ મુક્ત કરવાનો સમય આવી ગયો છે.

# સાળંગપુરધામમાં તુલસી વિવાહ નિમિત્તે કષ્ટભંજનદેવને શણગાર




સાળંગપુર તા. ૧૫

શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર સાળંગપુર ખાતે પ્રબોધિની એકાદશી (તુલસી વિવાહ) નિમિત્તે આજે પ.પૂ. શાસ્ત્રી સ્વામી હરીપ્રકાશદાસજી (અથાણાવાળા)ની પ્રેરણાથી કોઠારી વિવેકસાગરદાસ સ્વામીનાં માર્ગદર્શનાથી કષ્ટભંજનદેવને દિવ્ય વાઘા, રીંગણ, દુધી, મોગરી, મુળા વિગેરેનો શણગાર કરવામાં આવેલ હતો. જેમાં આરતી પૂજારી સ્વામી ધર્મકિશોરદાસજી દ્વારા કરવામાં આવેલ હતી. તેમજ સાંજનાં ૩.૩૦ થી ૬.૩૦ સુધી હાટડી દર્શનનું આયોજન પણ કરવામાં આવેલ હતું. જેમાં સફેદ, લીલા, કાળા રીંગણ, ટીંડોરા, જીણી રીંગણી, તીખી મરચી, કેપ્સીકમ મરચા, લીંબુ, કાચા પપૈયા, શેરડી, કાચા કેળા, દુધી, વાલોળ, સુરણ, આદુ, ગુવાર, ચોળી, લીલાધાણા, ટામેટા, તુવેર, કોબીજ, ફુલેવર, વટાણા, ફુદીનો, અડવીનાં પાંદડા વિવિધ પ્રકારનાં શાકભાજી દાદાને ધરાવવામાં આવેલ હતાં. જેનો દર્શનનો હજારો ભકતોએ લાભ લઈ ધન્યતાનો અનુભવ કરેલ હતો.

# જ્યાં જ્યાં નજર મારી ઠરે...







આપણે કેટલા આધુનિક ને સુશિક્ષિત છીએ એનો આનાથી વિશેષ પુરાવો શું હોઈ શકે ! એક તરફ ગાયને માતા તરીકે પૂજીએ છીએ ને બીજી તરફ એ જ ગાયને ગંદો કચરો ખવડાવીએ છીએ ને ક્યારેક તો આપણને પુણ્યશાળી બની જવાની એટલી બધી ઉતાવળ હોય છે કે ગાયને રોટલી કે બીજુ કંઈપણ આપતી વખતે કાગળ કે પ્લાસ્ટીકની કોથળી દૂર કરવાનીયે તસ્દી નથી લેતા આપણે. આ જે દ્રશ્ય દેખાય છે ને ઠેર ઠેર કચરાના ઢગલાઓને એમાં વિહરતી ગોકુળની, કૃષ્ણની ગાયો, આપણી ગાય માતા, આ અદભૂત નજારો શેરીએ શેરીએ જોવા મળે છે આપણને.

આ દ્રશ્ય કદાચ આપણા પાયા વિહોણા શિક્ષણ, તદન નબળી માનસિકતાનો પુરાવો છે. ને વધુમાં કદાચ એવુ કહેવા માગીએ છીએ કે એ અમે સતત નવી નવી ફેશનને અપનાવીને નવા નવા વસ્ત્રો બદલી શકીએ પણ વિચારોને નવુ પહેરણ પહેરાવીને ઉપરનું દ્રશ્ય બદલવા જેટલી માનસીક ક્ષમતા તો નથી અમારી..

**તસ્વીર કથા - માનસી નાગ્રેચા**

# જૂનાગઢ મહાનગરમાંથી દરરોજ એકત્રિત થતા ભીના કચરા પૈકી ૧૫ ટન ભીના કચરાનો નિકાલ થશે

## શહેરી વિકાસ ગૃહ નિર્માણ મંત્રી વિનોદભાઈ મોરડીયાના હસ્તે રૂા. ૪.૬૯ કરોડના ખર્ચે તૈયાર થયેલ બાયો મિથેનેશન પ્લાન્ટનો લોકાર્પણ કાર્યક્રમ યોજાયો







જૂનાગઢ, તા.૧૫

શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ રાજયમંત્રન વિનોદભાઈ મોરડીયાના હસ્તે જૂનાગઢ મનપા દ્વારા રૂપિયા ૪.૬૯ કરોડના ખર્ચે તૈયાર થયેલ બાયોમિથેનશન પ્લાન્ટનોલોકાર્પણ કાર્યક્રમયોજાયો હતો. લોકાર્પણ પ્રસંગે મંત્રીએ જણાવ્યું હતું કે, જૂનાગઢ મહાનગરપાલિકા દ્વારા બાયોમિથેનશન પ્લાન્ટ તૈયાર કરવામાં આવ્યો છે. રૂા.૪.૬૯ કરોડના ખર્ચે વડાપ્રધાનના સ્વચ્છ ભારત મિશન અંતર્ગત મળેલ ગ્રાન્ટના માધ્યમથી રાજયમાં જૂનાગઢે પહેલ કરી છે. આ પ્લાન્ટમાંથી કાર્બન કેરીટ જે મળવાની છે જેથી વાર્ષિક ૨૦ લાખ જેટલી આવક થશે અને જે ખાતર છેતેને ખેડૂતો ઉપયોગમાં લઈ શકશે. આ પ્લાન્ટ રાજય અને દેશને રાહ ચિંધનારો બનશે. જૂનાગઢ મહાનગરપાલિકા દ્વારા સ્વચ્છ ભારત મિશન હેઠળ ૧૫ મેટ્રીક ટન ક્ષમતાના બાયોમિથેનેશન પ્લાન્ટ અન્વયે જૂનાગઢ શહેરમાંથી દરરોજ એકત્રિત થતા ભીના કચરાના નિકાલ કરવા તથા બાયપ્રોડક્ટ સ્વરૂપે દૈનિક ૦.૫ ટન બાયો સીએનજી તથા દૈનિક ૧ ટન ઉચ્ચ કક્ષાનું ખાતર ઉત્પાદન રૂપે મળનાર છે.

આ પ્લાન્ટ થી જૂનાગઢ શહેરમાંથી દરરોજ એકત્રિત થતા બાયપ્રોડક્ટ સ્વરૂપે દૈનિક ૦.૫ ટન બાયોસીએનજી તથા દૈનિક ૧ થી ૧.૫ ટન ઉચ્ચ કક્ષાનું ખાતર ઉત્પાદનરૂપે મળશે. આ પ્રસંગે મેયર ધીરૂભાઈ ગોહેલ, સાંસદ રાજેશભાઈ ચુડાસમા, ડેપ્યુટી મેયર હિમાંશુભાઈ પંડ્યા, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન રાકેશભાઈ ધુલેશીયા, જૂનાગઢ મ્યુનિસિપલ કમિશ્નર તશા, સંજયભાઈ કોરડીયા, શશીકાંતભાઈ ભીમાણી, મહેન્દ્રભાઈ મશરૂ, જીવાભાઈ સહિતના પદાધિકારીઓ, અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## જૂનાગઢ જીલ્લાનાં પદાધિકારીઓ સાથે બેઠક યોજતા રાજયમંત્રી





જૂનાગઢ, તા.૧૫

શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ રાજયમંત્રી વિનોદભાઈ મોરડિયાના અધ્યક્ષસ્થાને સર્કિટ હાઉસ જૂનાગઢ ખાતે જૂનાગઢ જિલ્લાના પદાધિકારીઓ સાથે બેઠક યોજાઈ હતી. જેમાં સાંસદ રાજેશભાઈ ચુડાસમા, મેયર ધીરૂભાઈ ગોહેલ, જિલ્લા ભાજપ પ્રમુખ કિરીટભાઈ પટેલ, પૂર્વ એમડી અને ડિરેક્ટર જૂનાગઢ જિલ્લા સહકારી બેન્કના દિનેશભાઈ ખટારિયા સહિતના ઉપસ્થિત રહ્યા હતા.

# લીલાવતી હોસ્પિટલ ટ્રસ્ટીની રૂ.૪૫ કરોડનો લૂંટ કેસ ટ્રાન્સફર કરવા અરજી, ગુજરાત હાઈકોર્ટે રાજ્ય સરકાર અને બનાસકાંઠા એસપીને નોટિસ આપી

## ટ્રસ્ટી પ્રશાંત મહેતાએ તેમની અરજીમાં જણાવ્યું હતું કે તેમને બનાસકાંઠા પોલિસ ઉપર વિશ્વાસ નથી

અમદાવાદ, તા.૧૫

લીલાવતી હોસ્પિટલના ટ્રસ્ટીએ રૂા.૪૫ કરોડના લૂંટ કેસની તપાસ અન્ય એજન્સીને ટ્રાન્સફર કરવા અરજી કરતાં ગુજરાત હાઈકોર્ટે રાજ્ય સરકાર, બનાસકાંઠા સુપ્રિટેન્ડન્ટ ઓફ પોલિસ અને અન્યને નોટિસ જારી કરી છે. પ્રશાંત મહેતા કે જે લીલાવતી કીર્તિલાલ મહેતા મેડિકલ ટ્રસ્ટના ટ્રસ્ટી છે, તેમણે ગુજરાત હાઈકોર્ટેમાં સ્પેશ્યલ ક્રિમિનલ એપ્લિકેશન ફાઈલ કરીને આ કેસની તપાસ સેન્ટ્રલ ઈન્વેસ્ટીગેટીવ એજન્સીને તબદીલ કરવા માંગણી કરી છે.

આ અરજીમાં બનાસકાંઠા એસપી, પાલનપુર એલસીબી પીઆઈ અને પાલનપુર (ઈસ્ટ) પીઆઈનું લીલાવતી ટ્રસ્ટના ગેરકાયદે ટ્રસ્ટીઓ અને અન્ય આરોપીઓ સાથે મળેલા હોવાનો આક્ષેપ કર્યો છે. તેમનો આરોપ છે કે લૂંટ કેસમાં પોલિસનું વલણ જોતાં કેસની યોગ્ય અને નિષ્પક્ષ તપાસ અંગે સવાલ ઉભા થાય છે. આ અરજીમાં ગુજરાત સરકાર અને ગૃહસચિવને પણ પ્રતિવાદી તરીકે દર્શાવવામાં આવ્યા છે. ગુરૂવારે આ અરજીની સુનાવણી પછી જસ્ટીસ હેમંત પ્રચ્છકે આ અરજી દાખલ કરીને પ્રતિવાદીઓને નોટિસ જારી કરી છે અને હવે પછીની સુનાવણી તા.૨૫ નવેમ્બરના રોજ રાખવામાં આવી છે. વર્ષ ૨૦૧૯માં લીલાવતી હોસ્પિટલ, પાલનપુરના ભોંયરામાં આવેલા સેફવોલ્ટમાંથી હીરા, ઝવેરાત, ચાંદીના વાસણો, ફેન્સી ડાયમંડ અને વડોદરાના મહારાજાના કલેક્શનની અન્ય ચીજોની લૂંટને બનાસકાંઠા પોલીસે પારિવારીક સભ્યો વચ્ચેનો મિલકતનો વિવાદ ગણાવ્યો હતો અને આ કેસમાં એફઆઈઆર દાખલ કરવાની જરૂર નથી તેવો રિપોર્ટ ફાઈલ કર્યો હતો. બનાસકાંઠાના ચીફ જુયુડિશિયલ મેજીસ્ટ્રેટે પોલિસને આ ફરિયાદની તપાસ કરવા આદેશ આપ્યા પછી આ રિપોર્ટ ફાઈલ કરવામાં આવ્યો હતો.

# ગીર સોમનાથ જીલ્લામાં ખોટા-ફેક મેસેજોથી વાતાવરણ ડહોળાવાની દહેશત રહેતી હોવાથી સાયબર પોલીસ સ્ટેશન શરૂ કરવા માંગણી

## રેન્જ આઈજીના અધ્યક્ષતામાં યોજાયેલ લોકદરબારમાં ટ્રાફીક, દરીયાઈ સુરક્ષા અને સાયબર ક્રાઈમના વધતા ગુનાઓ અટકાવવા આગેવાનોએ રજુઆતો કરી

(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ તા. ૧૫

ગીર સોમનાથ જીલ્લાના મોટાભાગના વિસ્તારો સંવેદનશીલ હોવાથી ફેક અને ખોટા મેસેજો સોશીયલ મિડીયામાં વારંવાર વાયરલ થતા હોવાથીશાંતિ ડહોળાવાની ભિતી તથા વધી રહેલા સાયબર ક્રાઈમને ધ્યાને રાખી જીલ્લામાં સાયબર સેલ પોલીસ સ્ટેશન સત્વરે શરૂ કરવાની રજૂઆત ગઈકાલે રેંજી આઈજીના અધ્યક્ષ સ્થાને યોજાયેલ લોક દરબારમાંઆગેવાનો દ્વારા થઈ હતી. જે અંગે કાર્યવાહી કરવાની આઈજીએ ખાત્રી આપી હતી. આ લોકદરબારમાં ટ્રાફીક સંબંધી, દરીયાઈ સુરક્ષા જેવા પ્રશ્નો રજુ થયા હતા. છેલ્લા ત્રાણ દિવસથી રેંજ આઈજી મનીન્દરસિંહ પવારના ગીર સોમનાથજીલ્લા પોલીસના જુદા-જુદા સ્ટેશનોની કામગીરીનું વાર્ષીક ઈન્સપેકશન કરેલ હતુ. આ ઈન્સપેકશનના અંતે ગઈકાલેપોલીસ કચેરી ખાતે આઈજીના અધ્યક્ષસ્થાને લોકદરબાર યોજાયો હતો. જેમાં જીલ્લાના જુદા-જુદા શહેરોમાંથી આગેવાનોએ હાજર રહી પોલીસ વિભાગને સંબંધીપોતાના વિસ્તારના



પ્રશ્નોની રજુઆત કરી હતી. જેમાં શહેરીવિસ્તારમાં જાહેર રસ્તાઓ ઉપર ઘાસચારના વેંચાણ ઉપર પ્રતિબંધ હોવા છતાં ખુલ્લેઆમ ઘાસચારનું વેંચાણ થતુ હોવાના લીધે ટ્રાફીક સમસ્યા સર્જાતી હોવાની સાથે અકસ્માતો પણ થઈ રહયા છે. ત્યારે આ સમસ્યાને નિવારવા માટે પોલીસ વિભાગ કડક કાર્યવાહી કરે તેવી માંગ થઈહતી. આ ઉપરાંત રસ્તાઓ ઉપર આડેધડ થતા વાહનોના પાર્કીંગ, બેફામ દોડતી ઓટો-છકડો-પ્યાગો રીક્ષાઓ, ટ્રકો ઉપર લગામ લગાવવા સામે કડક કાર્યવાહી કરવા રજુઆતો થઈ હતી. લાંબો દરીયાકિનારો ધરાવતા ગીર સોમનાથ જીલ્લામાં દરીયાઈ સુરક્ષાસઘન બનાવવા ખાસ એકશન પ્લાન સાથે અમલવારી કરાવવા રજૂઆત થઈ હતી. લોકદરબારમાં વેપારી અનીષ રાચ્છે વર્તમાન સમયમાં સાયબર ક્રાઈમ વધી રહયુ હોવાની સાથે તેનો ભોગ દરરોજ અનેક લોકો બની રહયા છે. આ ઉપરાંત ગીર સોમનાથ જીલ્લાના મોટાભાગના વિસ્તારો સંવેદનશીલ હોવાથી સોશીયલ મિડીયામાં ખોટા અને ફેકમેસેજો વારંવાર વાયરલ થતા હોવાથી કોમી એખલાસભરી શાંતિ ડહોળાવાની ભિતી વારંવાર ઉભી થાય છે. જેમાં તાજેતરમાં જ કોઈ ટીખળખોરે કોરોના કેસો વધી રહયા હોવાથી વેરાવળની બજારો અડધો દિવસ ૧૪ દિવસ માટે બંધ રહેશેતેવો ફેક મેસેજ સોશીયલ મિડીયા વોટસએપમાં વાયરલ ક્ર્યો હતો. જેના લીધે લોકોમાં અને વેપારીઓમાં ઉતેજના સાથે ભયની લાગણીપ્રસરી હતી. આવા બનાવો કોઈને કોઈ નાની ઘટનાઓ ઘટે ત્યારે પણ થતી જોવા મળી રહી છે. ત્યારે આવા ટીખળખોરો સામે કાર્યવાહી કરવી જરૂરી બને છે. ત્યારે જીલ્લામાં શાંતિ અને કોમીએખલાભર્યુ વાતાવરણ જળવાય રહે તે માટે તાત્કાલીક ધોરણે સાયબર પોલીસ સ્ટેશન નિષ્ણાંત સ્ટાફ સાથે શરૂ કરવામાં આવે તે જરૂરી છે. આ રજુઆતને મોટાભાગના આગેવાનોએ સમર્થન આપ્યુ હતુ. આ લોકદરબારમાં પોલીસવડા રાહુલ ત્રીપાઠી સહિત જીલ્લાની પોલીસ સ્ટેશનના અધિકારીઓ, ખારવા સમાજના અદયક્ષ કિશોરભાઈ કુહાડા, સાગરપુત્ર ફાઉન્ડેશન બોટ એસો.ના પ્રમુખ તુલસીભાઈ ગોહેલ ઉપરાંત કોડીનાર, ઉના વિસ્તારના આગેવાનોએ હાજર રહી પ્રશ્નોની રજુઆત કરીપોલીસ કામગીરીઅંગે સૂચનો ક્ર્યા હતા. લોકદરબારમાંરજુ થયેલ ટ્રાફીક સહિતના પ્રશ્નોનો ઉકેલ લાવવા કામગીરી કરવામાં આવશે તેમજ જીલ્લામાં સાયબર પોલીસ સ્ટેશન શરૂ કરવા જરૂરી કાર્યવાહી કરવામાં આવશે તેમ આઈજી પવારએ જણાવ્યું હતું.

## રાજકોટ : અંગ્રેજી ભવનમાં એમ.એ. સેમેસ્ટર-૧ની પરીક્ષામાં રીસર્ચ મેથોડોલોજીનાં વિદ્યાર્થીઓને થયેલ અન્યાય બાબતે રજુઆત



રાજકોટ તા. ૧૫

સૌરાષ્ટ્ર યુનિવર્સીટીનાં કુલપતિને સીવાયએસએસનાં પ્રમુખ સુરજ જે. બગડા અને કાર્યકર્તાઓએ એક આવેદનપત્ર પાઠવી અને અંગ્રેજી ભવનમાં એમ.એ. સેમેસ્ટર-૧ની પરીક્ષામાં રીસર્ચ મેથોડોલોજીનાં વિદ્યાર્થીઓને થયેલ અન્યાય બાબતે રજુઆત કરવામાં આવી છે. બે વિષયમાં વિદ્યાર્થીઓને અન્યાય થયેલ છે ત્યારે આ અંગેની તપાસ કરી અને માર્કસની એવરેજ ગણતરી કરીનેવિદ્યાર્થીઓને ન્યાય આપવામાં આવે તેવી માંગણી કરવામાં આવે છે.

# જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી ઉત્પાદીત ઘઉં GW-4514 GW-463 અને GW-366 બિયારણ ખેડૂતોને વેંચાણથી મળશે

## ફાઉન્ડેશન તથા ટ્રૂથફુલ બિયારણ મળશે : ખેડૂતોને સબસિડીની સહાય પણ બિયારણમાં મળવાપાત્ર

જૂનાગઢ તા.૧૫

જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી દ્વારા ઉત્પાદીત ઘઉ GW-૪૫૧ (ફાઉન્ડેશન/ ટ્રૂથફુલ), GW-૪૬૩ (ફાઉન્ડેશન/ ટ્રૂથફુલ) અને GW-366 (ટ્રૂથફુલ) બિયારણનું વેચાણ ચાલુ છે. ઘઉ GW-૪૫૧ અને GW-463 નું ફાઉન્ડેશન બિયારણ ખરીદ કરવા માગતા ખેડૂતોએ ૮-અનો નવો દાખલો (છ મહિના જુનો ચાલશે નહી), આધારકાર્ડની નકલ અને બેંક પાસબુકના પ્રથમ પાનાની નકલ સાથે લવવાની રહેશે.

ફાઉન્ડેશનનો જથ્થો પુરો થયે ટ્રૂથફુલ બિયારણ મળશે. ફાઉન્ડેશન કક્ષાના બિયારણનો ભાવ સબસિડી સહાય સાથે રૂા.૮૪૦ પ્રતિ બેગ, જયારે સબસિડી સહાય વિના રૂા.૧૬૪૦પ્રતિ બેગ છે.ટ્રૂથફુલ કક્ષાના બિયારણનો ભાવ રૂા.૧૧૦૦ પ્રતિ બેગ છે. સહકારી મંડળી મારફત બિયારણ ખરીદ કરવા માંગતા ખેડૂતોએ ફાઉન્ડેશન કક્ષાના બિયારણ માટે ઉપર દર્શાવેલ ડોકયુમેન્ટ સહકારી મંડળીએ ભેગા કરી ખેડૂતનું લીસ્ટ બનાવી લેતા આવવું. વધુ માહિતી માટે સીડ સાયન્સ અને ટેકનોલોજી વિભાગ, કૃષિ મહાવિદ્યાલય, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢનો ફોન નં.૦૨૮૫-૨૬૭૫૦૭૦ તથા ૦૨૮૫-૨૬૭૨૦૮૦-૯૦ પીબીએક્ષ ૪૪૯-૪૫૦ થી સંપર્ક કરવો. બિયારણ વિતરણનું સ્થળ મેગાસીડ કોમ્પ્લેક્ષ, કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ અને બિયારણ વિતરણનો સમય સવારે ૦૯:૦૦ થી ૧૨:૩૦ અને બપોરે ૦૩:૦૦ થી ૦૫:૩૦ કલાકનો છે.

# શહેરોમાં પ્રજાલક્ષી વિકાસ કામોમાં બેદરકારી દાખવતા કોન્ટ્રાકટરો સામે પગલા લેવા મંત્રી મોરડીયાએ સુચના આપી

## ગીર સોમનાથ જીલ્લાની પાંચ અને જૂનાગઢ જિલ્લાની ૭ મળી ૧૨ નગરપાલિકાઓના પ્રજાલક્ષી વિકાસ કામોની મંત્રીએ સમીક્ષા કરી : નગરપાલિકાઓના પ્રમુખો અને ચીફ ઓફિસર્સ સાથેની બેઠકમાં પ્રજાલક્ષી કાર્યોને વેગ આપવા વિચાર વિમર્શ કરી સમયસર વિકાસ કામો કરવા તકેદારી રાખવા સુચના આપી

(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ તા. ૧૫

ગીર સોમનાથ જીલ્લાના પ્રવાસે આવેલ મંત્રી મોરડીયાએ ગઈકાલે જૂનાગઢ અને ગીર સોમનાથ જીલ્લાની ૧૨ નગરપાલીકાના પ્રમુખો-અધિકારીઓ સાથે બેઠક યોજી પ્રજાલક્ષી કાર્યોની સમીક્ષા કરી હતી. જેમાં મંત્રીએ જનસુખાકારીને લગતા વિકાસના કામો સમય મર્યાદાની સાથે ગુણવત્તાયુક્ત થાય તેની તકેદારી રાખવા સુચના આપી હતી. આવા વિકાસ કામોમાંબેદરકારી દાખવતા કોન્ટ્રાકટરો સામે પગલા ભરવા માટે નિર્દેશ પણ આપ્યો હતો.

ગીર સોમનાથ જીલ્લાના પ્રવાસે આવેલ શહેરી વિકાસ મંત્રી મોરડીયાએ પરીવાર સાથે સોમનાથ મહાદેવના દર્શનપૂજા-અર્ચના કરી ધન્યતા પ્રાપ્ત કરી હતી. બાદમાં જીલ્લા સેવા સદન કચેરી ખાતે ગીર સોમનાથ



જિલ્લાની વેરાવળ, ઉના, કોડીનાર, સુત્રાપાડા, તાલાળા અને જૂનાગઢ જિલ્લાની કેશોદ, માંગરોળ, માણાવદર, વિસાવદર, બાંટવા, વંથલી અને ચોરવાડ મળી ૧૨ નગરપાલીકાના પ્રમુખો અને ચીફ ઓફિસર્સ સાથે સમીક્ષા બેઠક કરી હતી. જેમાં તમામ નગરપાલીકા વિસ્તારોમાં ચાલતા કેન્દ્ર અને રાજય સરકારની યોજનાકીય હેઠળ ચાલતા કામો અને પ્રજાલક્ષી વિકાસના કામોની માહિતી મેળવી સમીક્ષા કરી પદાધિકારીઓ સાથે વિસ્તૃત ચર્ચાઓ કરી હતી.

બાદમાં મંત્રી વિનોદ મોરડીયાએ જણાવેલ કે, નગરપાલિકા તંત્રએ સરકારી જમીન ઉપર ગેરકાયદેસર બાંધકામ અને દબાણ દુર કરવા પગલા લેવાની સાથે વેરો ઉઘરાવવા માટે સક્રિયતાથી કામ કરવું પડશે. ભવિષ્યને ધ્યાનમાં રાખી ટાઉન પ્લાનિંગ સ્કીમ તૈયાર કરી સાથે જ લોકોને ટીપીના ફાયદાઓ સમજાવી જાગૃત કરવાની સુચના આપી હતી. સ્વચ્છતાના ધોરણો ઉંચા લાવવા કચરો ડમ્પ કરવાનેબદલે તેનો નાશ થાય તેદિશામાં આગળ વધવા સુચન કરી સફાઈમાં બેદરકારી દાખવનારા સામે પગલાં ભરવાની સૂચના આપી હતી.

આ બેઠકમાં ઝોનલ મ્યુનસીપલ કમિશ્નર અજય દહીયાએ ગીર સોમનાથ અને જૂનાગઢ જિલ્લાની ૧૨ નગરપાલિકાઓના યોજનાકીય અને વિકાસ કામોની સ્થિતિ દર્શાવતુ પ્રેઝન્ટેશન રજૂ કર્યુ હતુ. આ બેઠકમાં સાંસદ રાજેશભાઈ ચુડાસમા, ગીર સોમનાથજીલ્લા કલેકટર રાજદેવસિંહ ગોહિલ, વેરાવળ પાલીકાના પીયુષભાઈ ફોંફડી, સુત્રાપાડા પાલીકાના દિલીપ જશાભાઈ બારડ સહિતના પદાધિકારી - અધિકારીઓ હાજર રહ્યા હતા.

નોંધ : આ સમાચારના ફોટા ઈમેલ થ્રુ મોકલેલ છે....

# વેરાવળ બંદરમાં ડીઝલની ખરીદીમાં વધારે કમીશન વસુલતા ૪ હજાર બોટોના માલીકો કરોડોની નુકસાની સહન કરવા મજબુર

## બંદરમાં જીએફસીસી અને સહકારી મંડળીના ડીઝલ પંપોને પ્રતિ લીટર રૂા. ૨ સુધી જ કમીશન વસુલવાની છુટ હોવા છતાં રૂા.૩.૨૦ જેટલુ વસુલાતુ હોવાથી માછીમારોમાં રોષ

(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ તા.૧૫

વેરાવળ બંદર ઉપર માછીમારી કરવા જવા માટે ફિશીંગ બોટો દ્વારા ખરીદાતા ડીઝલના ભાવમાં વધારે કમિશન વસુલવામાં આવી રહ્યું હોવાનો ગંભીર આક્ષેપ માછીમાર બોટ એસો.એ કરતા જણાવેલ કે, જેના લીધે બંદરની ચાર હજારથી વધુ બોટોના માલિકોને દર મહિને કરોડો રૂપિયાની નુકશાની ભોગવવી પડે છે. જેથી જે કમિશનમાં તફાવત છે તે નિર્ધારીત હોવું જોઈએ તેવી માંગણી કરી રજુઆત બોટ એસો. દ્રારા સંબંધિત વિભાગોને કરી ઘટતી કાર્યવાહી કરવા માંગણી કરી છે.

વેરાવળ સાગરપુત્ર ફાઉન્ડેશન માછીમાર બોટ એસો.ના પ્રમુખ તુલસીભાઈ ગોહેલએ રજૂઆતમાં જણાવેલ કે, વેરાવળ બંદરે માછીમારો જીએમસીસીના તથા સહકારી મંડળીના ડીઝલ પંપો ઉપરથી ડીઝલની ખરીદી કરે છે. વેરાવળ બંદરે ૩.૮૨ કમિશન ૧.૯૨ પૈસા ટેક્ષ ડીફરન્સ બાદ કરતા કુલ રૂ.૩.૨૦ પ્રતિ લીટરે નેટ કમિશન વસુલવામાં આવી રહયુ છે જયારે માંગરોળ સ્થિત જી.એફ.સી.સી.એ. લી. તથા સહકારી મંડળી સંચાલિત ડીઝલ પંપો દ્વારા નેટ ૧.૯૨ પ્રતિ લીટર કમિશન વસુલવામાં આવે છે અને આ ભાવોના તફાવત બાબતે આઈઓસીના અધિકારીઓને પુછપરછ કરતા તેઓ દ્વારા જીએફસીસીએ તથા સહકારી મંડળીના ડીઝલ પંપોને પ્રતિ લીટરે રૂા.૨ ની અંદર કમિશન વસુલવાનું નકકી થયેલ હોવાનું જણાવેલ હતુ. તો પછી વેરાવળ બંદરે પ્રતિ લીટરે રૂ.૩.૨૦ લેખેશા માટે અને કયાં નિયમ મુજબ કમિશન વસુલવામાં આવી રહયું છે ? તે એક પ્રશ્નો ઉભો થયો છે. આના લીધે વેરાવળ બંદરની ૪ હજાર માછીમારો દર મહિને લાખો મીટર ડીઝલ ખરીદતા હોવાથી કરોડો રૂપિયાની નુકશાની ભોગવી રહયા છે.

વધુમાં જણાવેલું હતું કે, આ મામલે સ્થાનિક જી.એફ.સી.સી.એ.લી., નાં અધિકારીઓ તેમજ સહકારી મંડળીનાં ડીઝલ પંપોના સંચાલકોને ડીઝલના ભાવ અંગે પુછપરછ કરતા ગોળ ગોળા જવાબો આપવામાં આવી રહયા છે. જીએફસીસી માછીમારોના વિકાસ માટે કામ કરતી સંસ્થા છે તેમ છતાં માછીમારોનું આર્થિક શોષણ થઈ રહ્યું છે. હાલમાં માછીમારોની આર્થિક હાલત કેવી છે. કેવા કપરા સમયનો સામનો કરી રહેલ છે તે સૌ કોઈ જાણે છે. ડીઝલના અસહય ભાવો, માછલીનો અપુરતો કેચ, અપુરતા ભાવો, કુદરતી આફતો, કોરોના જેવી પરિસ્થિતીના કારણે આર્થિક હાલત અત્યંત ખરાબ છે. ડીઝલમાં આર્થિક નુકશાની જવાના કારણે માછીમારો દ્વારા ના છૂટકે પોતાની બોટો કિનારે ચડાવી દેવામાં આવી રહી છે. જેથી તાત્કાલિક ધોરણે વેરાવળ બંદરમાં વસુલાતા ડીઝલ ઉપરના કમિશનમાં ઘટાડો કરવા માંગણી કરી છે.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

તંત્રી લેખ

# ત્રણ કૃષિ કાયદા રદ અંગેનું ઠંડુ પડતું ખેડૂત આંદોલન

ત્રણેય કૃષિ કાયદા રદ ન થાય ત્યાં સુધી પોતાનું આંદોલન ચાલું રાખવાનો નિર્ણય કરનાર અઢી રાજયો એટલે કે પંજાબ, હરિયાણા અને પશ્ચિમી ઉત્તર પ્રદેશના ખેડૂત દેખાવકારો હવે સંપૂર્ણ રીતે ઠંડા અને થાકેલા લાગે છે. તેમનાં ધરણાં સ્થળો ઉપર ખેડૂતોની હાજરી સતત ઘટી રહી છે. વાસ્તવમાં ખેડૂતો ઢીલા પડેલા પોતાના આંદોલનમાં નવા પ્રાણ ફૂંકવા માટે જ ખેડૂત નેતાઓ નવેસરથી ધરણાં-પ્રદર્શનને વેગ આપવાની વાતો કરી રહ્યા છે. પંજાબ, હરિયાણા અને પશ્ચિમી ઉત્તર પ્રદેશના ખેડૂત નેતા એ સમજવા તૈયાર નથી કે તેમની લાખ કોષિશો છતાં તે પોતાના અભિયાનને એક દિવસ માટે પણ અખિલ ભારતીય સ્વરૂપ આપી નથી શક્યા. રાજસ્થાન, ઉત્તરપ્રદેશ, મહારાષ્ટ્ર અને ગુજરાતના ખેડૂતો તો આંદોલનો મુદ્દે ઘણા આક્રમક છે, પરંતુ ત્યાંના ખેડૂતો પણ આ અઢી રાજ્યોના ખેડૂતો સાથે જોડાયા નહીં. આ જ સ્થિતિ દેશના બાકી હિસ્સાના ખેડૂતોની પણ છે. જો ખેડૂત નેતાઓની સરકાર સાથે કોઈ વાત નથી થઈ રહી તો તેના માટે જવાબદાર તેઓ પોતે જ છે. જાન્યુઆરી બાદ ખેડૂતો અને સરકાર વચ્ચે વાતચીતના રસ્તે સંપૂર્ણ રીતે બંધ છે. ખેડૂત નેતા કેન્દ્ર સરકારને કહી રહ્યા છે કે, ત્રણેય કૃષિ કાયદા પાછા લો ત્યારે જ કોઈ વાત થશે. પાછા નહીં લો ત્યાં સુધી આંદોલન ચાલું રહેશે. સરકારનું કહેવું છે કે, આ શરત ન માની શકાય. સરકાર ખેડૂત નેતાઓને પૂછી રહી છે કે તે જણાવે કે આખરે આ કાયદામાં ખરાબી શું છે ? સરકારના આ સવાલનો જવાબ આપવા માટે આ આંદોલનજીવી તૈયાર નથી. ખેડૂત આંદોલન સાથે જોડાયેલા લોકો પોતાની જીદ અને હઠધર્મિતા પકડી રાખે છે. પહેલાં પંજાબના ખેડૂતોની વાત કરીએ. પંજાબમાં ભૂમિગત જળસ્તર બહુ નીચે ગયું છે. હાલત સતત ખરાબ થઈ રહી છે. તેનાથી બેપરવા ખેડૂતો ધાન્ય અને ઘઉંની ખેતી કરવા સિવાય બીજો કોઈ બદલાવ કરવા તૈયાર નથી. જયરે આ બંને પાકની ખેતી માટે પાણી ખૂબ વપરાય છે. આ પાકો ઉપર ટેકાના ભાવ તો મળે જ છે, વીજળી અને પાણી પણ મફત મળે છે. તે ઉપરાંત ખાતર ઉપર પણ સબસિડી મળે છે. પંજાબના ખેડૂતો પોતાના પાક ઉપર કેટલીય પ્રકારના કીટનાશકો છાંટે છે. એ કારણે જે તેમના ઉગાડેલા અનાજનું સેવન કરે છે તેમને કેન્સર જેવા અસાધ્ય રોગ આસાનીથી પોતાની ઝપટમાં લઈ લે છે. પંજાબમાં ધરતી બિનઉપજાઉ બની રહી છે, પરંતુ ત્યાંના ખેડૂતો તેને સમજવા તૈયાર નથી. તેઓ પરાળ બાળવાનું પણ બંધ નથી કરતા. નવા કૃષિ કાયદાથી ખેડૂતોનાં હિતો સુરિક્ષત છે, પરંતુ તેઓ માની નથી રહ્યા. એ દીવા જેવું સ્પષ્ટ છે કે, ખેડૂતોનું આ કથિત આંદોલન કેટલાક વિરોધપક્ષો, ડાબેરી તાકાતો, એનજીઓ અને સાથે જ શંકાસ્પદ પ્રવૃત્તિના તત્ત્વોના જોરે ચાલી રહ્યું છે. આ જ લોકો ક્યારેક નાગરિકતા સંશોધન કાયદો અને પ્રસ્તાવિત રાષ્ટ્રીય નાગરિક રજિસ્ટરના વિરોધમાં સડકો ઉપર આવી જાય છે. બસ તેમના ચહેરા બદલાય છે. તેઓ સડકો અને હાઈવે ઉપર બેસી જાય છે. આમ જનતાને તેમનાં ધરણાંને કારણે કેટલું પણ નુક્સાન થાય, તેની કોઈ પરવા નથી કરતું. આ દેશે શાહીનબાગમાં જોયું જ હતું. હવે હરિયાણાના ખેડૂતોની વાત કરીએ તો ખેડૂતોના કથિત આંદોલનની સાથે મુખ્ય રૂપે રાજ્યના જાટ જોડાયેલા છે. તેમને ગુસ્સો એ કારણથી છે કે રાજ્યમાં સતત બે વખત તેમના સમર્થન વિના ભાજપની સરકાર બની ગઈ. પહેલી વાર પૂર્ણ બહુમતી સાથે અને બીજી વાર ભાજપને પૂર્ણ બહુમતથી થોડી ઓછી સીટો મળી. હરિયાણાના જાટ નેતાઓને લાગે છે કે, ભાજપે તેમની તાકાત છીનવી લીધી અને તેમને રાજકારણની દુનિયામાં હાંશિયા ઉપર ધકેલી દીધા. યાદ કરો કે તેમણે જાટ અનામતની માંગ કરીને કઈ રીતે અરાજકતા ફેલાવી હતી. આ ત્યારે થયું હતું જ્યારે મનોહરલાલ ખટ્ટર પહેલી વાર જ સત્તામાં આવ્યા હતા. જો વાત પશ્ચિમ ઉત્તર પ્રદેશના ખેડૂતોની કરીએ તો તેઓ શરૂઆતથી જ આ આંદોલન સાથે ન હતા. અહીંના ખેડૂતો મુખ્ય રૂપે શેરડી ઉગાડનારા છે અને તેમની ઉપજ ખાંડ મિલો ખરીદી લે છે. હા, તેઓ તેમને શેરડીની કિંમતો ચૂકવવામાં વિલંબ કરે છે. ખુદને રાજકીય પરિદ્રશ્યમાં સ્થાપિત કરવા માટે રાકેશ ટિકેત આ આંદોલનનો હિસ્સો બની ગયા, પરંતુ હવે આંદોલન લાંબું ખેંચાવા ને કારણે કેટલાય ખેડૂતો આંદોલનથી દૂર થઈ રહ્યા છે. કોઈપણ આંદોલનની કોઈ સીમા હોય છે. લગભગ એક વર્ષ બાદ પણ ખેડૂત નેતા એ નથી કહી શકતા કે કૃષિ કાયદાથી ખેડૂતોને શું અને કેવી રીતે નુક્સાન થશે. શું આ ખેડૂતો માટે ખરાબ સ્થિતિ કહેવાય કે તેઓ પોતાની ઉપજ દેશમાં ગમે ત્યાં, કોઈપણ વ્યક્તિને કે સંસ્થાને પોતાની મરજીની કિંમતે વેંચી શકે ? સરકાર ખેડૂતો પાસેથી ધાન્ય-ઘઉંની ખરીદી તો પહેલાંની જેમ જ કરતી રહેશે અને ખેડૂતોને ટેકાના ભાવનો લાભ પણ પહેલાંની જેમ જ મળતો રહેશે. હવે ખેડૂતો મંડીની સાથે સાથે મંડીની બહાર પણ પોતાની ઉપજ કોઈ રોકટોક વિના વેંચી શકશે. એક વાત એ પણ છે કે, કૃષિ કાયદાને લઈને આશંકા વ્યકત કરવામાં આવી રહી છે એવી જ રીતે ક્યારેક આર્થિક સુધારાને લઈને પણ કરાતી હતી અને એમ કહેવાતું હતું કે, સેવા ક્ષેત્ર તબાહ થઈ જશે. પરંતુ આજે ત્રણ દાયકા બાદ સેવા ક્ષેત્રમાં જબરદસ્ત વધારો થયો છે. ભારતની ૨૦ ટકા આબાદી સેવા ક્ષેત્ર સાથે જોડાઈ ગઈ છે. ખેડૂત નેતાઓ ગમે તે દાવો કરે, સામાન્ય ખેડૂત તેમના આંદોલનનો હિસ્સો નથી રહ્યો. તે તો પોતાના ખેતરમાં કામ કરી રહ્યો છે. લોકતંત્રામાં અહિંસક આંદોલન કરવાનો બધાને અધિકાર છે. ખેડૂત નેતાઓને પણ છે, પરંતુ તેઓ આંદોલનના નામ ઉપર મનમાની તો ન જ કરી શકે. સરકારે ફરીથી વાતચિત શરૂ કરી આંદોલન સંમેટી લ્યે તે તેના જ હિતમાં છે. ખેડૂત પેટ્રોલ-ડીઝલ, સીએનજી-પીએનજી ગેસ, મોંઘોવારી વધી છે તે તરફ વધુ ધ્યાન આપવાની જરૂર છે.

# પ્રજા ઉપર વધુ એક ડામ : વર્ષમાં ચાર વખત વીજ કંપનીઓ વીજ દર વધારો-ઘટાડો કરશે

અમદાવાદ તા.૧૫

વીજ વિતરણ કંપનીઓને વીજ પુરવઠો આપવા માટે દર ત્રણ મહિને કરવો પડતો સંપૂર્ણ ખર્ચ ગ્રાહક પાસેથી વસૂલી લેવાની કેન્દ્ર સરકારની મિનિસ્ટ્રીઓફ પાવરે દરેક રાજ્ય સરકારોને છૂટ આપી દીધી છે. ફ્યુઅલ પ્રાઈસ એન્ડ પાવર પરચેઝ એગ્રીમેન્ટ હેઠળ કોલસા સહિતના ઈંધણના ભાવમાં તથા ખાનગી કંપનીઓ પાસેથી મોંઘાભાવે ખરીદવી પડેલી વીજળીને કારણે તેમની પડતર કિંમતમાં થયેલા વધારો તે પછીના ત્રિમાસિક ગાળામાં વસૂલી લેવાની છૂટ આપવામાં આવી છે. હવે દર જાન્યુઆરી, એપ્રિલ, જુલાઈ અને ઓક્ટોબર એમ વર્ષમાં ચાર વાર વીજદરના વધારાનો બોજ રાજકોટના ૫.૫૦ સહિત સૌરાષ્ટ્ર-કચ્છના ૫૫ લાખ અને રાજ્યના ૧.૩ કરોડ ગ્રાહકોએ વેંઢારવો પડશે. ખાનગી કંપનીઓના વીજ ગ્રાહકોને પણ આ જ જોગવાઈ લાગું પડશે. મિનિસ્ટ્રી ઓફ પાવર દ્વારા આપવામાં આવેલા નવા આદેશ મુજબ વીજજોડાણ ધરાવતા ગ્રાહકોએ વીજ વિતરણ કંપનીને વીજળીનો પુરવઠો આપવા માટે જે ખર્ચ કરવો પડે છે તે સંપૂર્ણ ખર્ચ ગ્રાહકોએ તે પછીના જ ત્રિમાસિક ગાળાથી ચૂકવવો પડશે. તેમાં ફ્યુઅલ પ્રાઈસ અને પાવર પરચેઝ કોસ્ટને પણ સમાવેશ થઈ જાય છે. અત્યારે પાવર પરચેઝ કોસ્ટમાં દર ત્રાણ મહિને સુધારો કરાય છે. વીજ વિતરણ કંપનીઓ ફ્યુઅલ પ્રાઈસ એન્ડ પાવર પરચેઝ એગ્રીમેન્ટની ફોર્મ્યુલા હેઠળ દર ત્રણ મહિને વીજ દરમાં યુનિટદીઠ દસ પૈસાનો વધારો કરવાની છૂટ ધરાવે છે. યુનિટે દસ પૈસાથી વધુ રકમનો વધારો કરવાનો હોય તો તેને માટે વીજ નિયમન પંચ પાસેથી મંજૂરી લેવાની થાય છે. કેન્દ્ર સરકારની મિનિસ્ટ્રી ઓફ પાવરના નવા પરિપત્રને પરિણામે ગુજરાત વીજ નિયમન પંચ પાસેથી વીજદરમાં વધારો કરવાની આગોતરી મંજૂરી હવે વીજ વિતરણ કંપનીઓએ લેવી પડશે જ નહિ. હાલની સિસ્ટમમાં એન્યુઅલ રેવન્યુ રિક્વાયરમેન્ટની આખી દરખાસ્ત રજૂ કરીને તેના ઉપર વીજ નિયમન પંચ સમક્ષ ગ્રાહકોના પ્રતિનિધિઓનો અભિપ્રાય કે તેમની રજૂઆતોને સાંભળીને વીજદરમાં વધારો આપવામાં આવતો હતો. આ પ્રક્રિયા હવ વર્ષમાં એક વાર ઔપચારિક રીતે જ કરવાની આવશે. ગુજરાત વીજ નિયમન પંચ દ્વારા નક્કી કરી આપવામાં આવતા નવા વીજદર નાણાંકીય વર્ષની પહેલી એપ્રિલથી ૩૧મી માર્ચના બાર માસના ગાળા માટે અમલમાં રહેતા હતા. તેમાં દર ત્રાણ મહિને દસ દસ પૈસા એફપીપીપીએની ફોર્મ્યુલા મુજબ વીજવિતરણ કંપનીઓ વધારી શકતી હતી. તેનાથી વધુ રકમનો વધારો કરવા માટે હવે જર્ક પાસેથી મંજૂરી લેવાની આવશે નહિ. હવે આ પ્રકારની મંજૂરી લેવી પડશે નહિ. સંપૂર્ણ રકમ વીજ વિતરણ કંપનીઓ પોતે જ પોતાની રીતે નક્કી કરીને લાગું પાડી દેશે તેવી સ્થિતિ નિર્માણ થશે. એફપીપીપીએની ફોર્મ્યુલા હેઠળ અત્યારે ગુજરાતની વીજ વિતરણ કંપનીઓએ ગ્રાહકો પાસે યુનિટ દીઠ રૂા.૨.૪૦ લેવાના થાય છે. પરંતુ જર્કની મંજૂરી ન હોવાથી અને જર્કે એફપીપીપીએની અપર લિમિટ રૂા.૨.૧૦ કરેલી હોવાથી ૩૦ પૈસાની વસૂલી બાકી જ રહે છે. તે ભવિષ્યમાં આવનારા વધારા વખતે એડજસ્ટ કરવામાં આવે છે. હવે તેવું કરવાનું રહેશે નહિ. સંપૂર્ણ વધારો તે પછીના ત્રિમાસિક ગાળામાં ગ્રાહકો પાસેથી લઈ લેવામાં આવશે. મિનિસ્ટ્રીઓફ પાવરના પરિપત્ર પછી આ એડજસ્ટમેન્ટ કરવાની વ્યવસ્થા



નીકળી જશે અને એક સામટો વધારો વસૂલી લેવામાં આવશે. જર્કમાં એન્યુઅલ રેવન્યુ રિક્વાયરમેન્ટની દરખાસ્ત તો વીજ કંપનીઓએ મૂકવી જ પડશે. જર્ક તેનો અભ્યાસ કરીને તથા તેના ઉપર સુનાવણી કરીને વધારો કે ઘટાડો કરશે. અગાઉ કંપનીઓ દ્વારા વર્ષમાં ચાર વાર કરી લેવામાં આવેલા વધારાને ધ્યાનમાં લઈને નવા વર્ષ માટેના દરમાં વધારો કે ઘટાડો કરી આપશે.

**વીજદર નક્કી કરવામાં રાજ્ય સરકારનું વર્ચસ્વ વધશે**

નવી વ્યવસ્થાને કારણે વીજ ક્ષેત્ર ઉપર રાજ્ય સરકારનું જ સંપૂર્ણ વર્ચસ્વ આવી જશે. ૨૦૦૩ પહેલા પણ રાજ્ય સરકારના અંકુશ હેઠળ જ સંપૂર્ણ સેકટર હતું. ૨૦૦૨ની સાલમાં ગુજરાત ઈલેક્ટ્રિસિટી બોર્ડની કુલ નુકશાની રૂા.૩૨૦૦ કરોડની હતી. અત્યારે ગુજરાતની વીજ વિતરણ કંપનીઓ વરસે દહાડે રૂા.૨૦૦ કરોડનો નફો કરી રહી છે. એક સમયે ગુજરાતની વીજવિતરણ કંપનીઓનો ટ્રાન્સમિશન એન્ડ ડિસ્ટ્રીબ્યુશન લાસ અંદાજે ૩૮ ટકાનો હતો. આ લોસ છેલ્લા વીસ વર્ષમાં ઘટાડીને ૨૧.૫ ટકા સુધી લાવી દેવામાં સફળતા મળી છે.

**કન્ઝ્યુમર ફોરમ નવી જોગવાઈનો વિરોધ કરશે**

ગુજરાતના વીજજોડાણ ધરાવતા ૧.૩૦ કરોડ ગ્રાહકો ઉપર તેને કારણે બહુ જ મોટી રકમના વીજબિલ વધારાનો બોજ આવી જશે. તેથી ગુજરાતના કઝયમર ફોરમ તેનો વિરોધ કરશે. આ પગલું લેવાનું એક કારણ એ પણ છે કે રાજ્ય સરકાર સંચાલિત વીજ વિતરણ કંપનીઓની મળીને તેમની એકત્રિત થયેલી નુકશાની અત્યારે અંદાજે રૂા.૯૩૦૦૦ કરોડની છે. વીજ વિતરણ કંપનીઓ વીજ ઉત્પાદન કંપનીઓને તેમના નાણાં ચૂકવવામાં સમર્થ નથી.

## આપની આવતીકાલ કેવી જશે...?

**:: રત્નકણીકા ::**

અધિક ધનથી માણસમાં આળસ વધે છે...

- ઋગ્વેદ

**: આજનું પંચાંગ :**

વિક્રમ સં. ૨૦૭૮, શા. શાકે. ૧૯૪૩, પા.તીર-૧૩૯૧, મુ. રબી-ઉલ્લ-આખર-૧૪૪૩, જૈન વીર સં.-૨૫૪૮, કચ્છી સં. ૨૦૭૮, કારતક સુદ-૧૨ પ્રબોધિની એકાદશી (ભાગવત્-વૈષ્ણવ), દેવઉઠી એકાદશી તા.૧૫ નવેમ્બર ૨૦૨૧, સોમવાર, પારસી તા.૨, મુસ્લિમ તા.૯, ઉત્તરાભાદ્રપ્રદા નક્ષત્ર, વજ યોગ, બવ કરણ, સૂ.ઉ.૭:૦૬, સૂ.અ.૧૮:૦૫

આજનો દિવસ અશુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી મીન (દ ચ ઝ થ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

### રાજ્યના પોલીસ તંત્રને ગૃહમંત્રી હર્ષ સંઘવીની દુરંદેશી નજરનો મળશે લાભ

# ટુંક સમયમાં પોલીસનાં ઉચ્ચ અધિકારીઓને પણ નવા વર્ષની ભેટ આપવાની સંભાવના

## નિચલી કેડરનાં કર્મચારીઓને પ્રમોશન આપી તેમની દિવાળી સુધારી દીધી

ગાંધીનગર તા.૧૫

ટાઢ હોય તકડો હોય કે હોય ચોમાસું સતત એલર્ટ રહેતા પોલીસતંત્રને પણ પોતાની કેટલીક મુશ્કેલીઓ હોય છે. વાર તહેવાર જોયા વિના સતત લોકોની સેવામાં કાર્યરત રાજ્યના પોલીસ વિભાગ માટે ગૃહમંત્રી હર્ષ સંઘવી એ ચાર્જ સંભાળતાં જ તેમના ઉત્થાન માટે ભગીરથ પ્રયાસો શરૂ કર્યા છે. પોલીસતંત્ર ઉપર તેની દુરોગામી અસરો જોવા મળી રહી છે. અને એ પણ સ્પષ્ટ છે કે રાજ્યના પોલીસ તંત્રને ગૃહમંત્રી હર્ષ સંઘવીની દુરંદેશી નજરનો પણ લાભ મળશે. આપને જણાવી દઈએ કે રાજયમાં ફરજ બજાવતા પોલીસ કર્મચારીઓના પ્રમોશનનો મામલો છેલ્લા કેટલાય સમયથી ટલ્લે ચઢ્યો હતો. નાના મોટા પોલીસ કર્મચારીઓના ઘણા સમયથી પ્રમોશન થયા ન હતા. ગૃહમંત્રી હર્ષસંઘવીએ તેની ગંભીરતાથી નોધ લઈને આવા પોલીસ કર્મચારીઓના પ્રમોશનનો પ્રશ્ન હાથ ઉપર લીધો છે. અને તેના ઉપર કામ પણ ચાલું થઈ ગયું છે. ગૃહમંત્રી હર્ષ સંઘવીની નજરમાં પોલીસના ઉચ્ચ અને નાના કર્મચારીઓ સૌ કોઈ સમાન છે. તેઓ તમામને સમાન દ્રષ્ટિથી જોઈ રહ્યા છે અને તેને સમજી પણ રહ્યા છે. અને એટલા માટે જ સૌથી પહેલાં દિવાળીના સમયે રાજ્યના દરેક શહેર અને જીલ્લામાં પોલીસતંત્રમાં પ્રમોશનની વણઝાર આવી. આ



વણઝારમાં કોન્સ્ટેબલ, હેડ કોન્સ્ટેબલને પ્રમોશન આપવામાં આવ્યા. જેઓ હેડકોન્સ્ટેબલ હતા તેમને ASIના પ્રમોશન અપાયા. આવું એક નહી દરેક જીલ્લામાં કરવામાં આવ્યું. આ તમામ પ્રમોશનમાં ગૃહમંત્રી હર્ષ સંઘવીએ પરદા પાછળ રહીને તેમનો રોલ પ્લે કર્યો. તહેવારના સમયે નાના પોલીસ કર્મચારીઓને પણ સારા સમાચાર મળે તેવું માનતા ગૃહમંત્રી હર્ષ સંઘવીએ પોલીસતંત્રની નિચલી કેડરના કર્મચારીઓને પ્રમોશન આપીને તેમની દિવાળી સુધારી દીધી. છેલ્લા ઘણા સમયથી પ્રમોશનની રાહ જોઈને બેઠેલા આવા કર્મચારીઓમાં ગૃહમંત્રીના આ પગલાંથી એક નવો જોશ ઉમેરાયો. નાના કર્મચારીઓને મળેલી આ ભેટસોગાદો બાદ હવે પોલીસ તંત્રના ઉચ્ચ અધિકારીઓને પ્રમોશનનું કામ ગૃહમંત્રીએ હાથમાં લીધુ છે. ખુબ ટુંકા સમયમાં પોલીસ તંત્રના ઉચ્ચ અધિકારીઓને પણ નવા વર્ષની ભેટ મળે તેવી શક્યતા છે.

# દેશમાં બેન્ડ બાજા બારાત, એક મહિનામાં ૨૫ લાખ લોકો લગ્નગ્રંથીથી જોડાશે

નવી દિલ્હી તા.૧૫

૧૪ નવેમ્બરથી ૧૪ ડિસેમ્બર સુધી દેશમાં બેન્ડ બાજા બારાતનો જોરદાર નજારો જોવા મળશે. આ એક મહિનામાં દેશભરમાં લગભગ ૨૫ લાખ લગ્ન થવાની ધારણા છે. છેલ્લા બે વર્ષથી, કોરોનાના કારણે, રાજય સરકારો દ્વારા બહાર પાડવામાં આવેલી માર્ગદર્શિકા, મર્યાદિત સંખ્યામાં શોભાયાત્રા, સામાજિક અંતરનું પાલન, રોગચાળાનો ભય વગેરે જેવા વિવિધ કારણોસર ઘણા લગ્ન મોકૂફ રાખવામાં આવ્યા હતા. ઘણી યુવતિઓના હાથ પીળા નથી થઈ શક્યા. જયારે ઘણા યુવકો પણ ઘોડે ચઢી શક્યા નથી. હવે જયારે આ મહામારીનો ખતરો ઓછો થયો છે અને લગભગ ૧૦૦ કરોડ લોકોને રસી આપવામાં આવી છે ત્યારે પરીવારોએ લગ્નની તૈયારી શરૂ કરી દીધી છે. વેટ(કોન્ફેડરેશન ઓફ ઓલ ઈન્ડિયા ટ્રેડર્સ)ના મહારાષ્ટ્રના ઉપાધ્યક્ષ અને થાણે જિલ્લા જથ્થાબંધ વેપારી કલ્યાણ મહાસંઘના પ્રમુખ સુરેશભાઈ ઠક્કરે જણાવ્યું હતું કે આ વર્ષે દિવાળીમાં જોરશોરથી વેપાર ધંધાથી ઉત્સાહિત થઈને મુંબઈ સહિત દેશભરના વેપારીઓ હવે વેચાણની તૈયારી કરી રહ્યા છે. લગ્નની સીઝનમાં વધુ અપેક્ષા રાખવામાં આવે છે કે ૧૪ નવેમ્બરથી ૧૩ ડિસેમ્બરના રોજ દેવઉથી એકાદશી સુધી, એક મહિનાના લગ્નનો પ્રથમ તબક્કો શરૂ થશે, જેમાં દેશભરમાં લગભગ ૨૫ લાખ લગ્ન થવાની ધારણા છે. આ સિઝનમાં ૩ લાખ કરોડ રૂપિયાથી વધુનો બિઝનેસ જોવા મળે તેવી શક્યતાઓ વેપારીઓ જોઈ રહ્યા છે. વીએટીની આધ્યાત્મિક અને વૈદિક જ્ઞાન સમિતિના પ્રમુખ આચાર્ય દુર્ગેશ તારે જણાવ્યું હતું કે, ૧૪ ડિસેમ્બરથી ૧૩ જાન્યુઆરી સુધી કોઈ મુહૂર્ત નથી. બે વર્ષ બાદ આ વર્ષે જ નવેમ્બર-ડિસેમ્બરમાં લગ્નના આટલા મુહૂર્ત બહાર આવ્યા છે.

# સાપ્તાહિક રાશી ભવિષ્ય

## તા.૧૫-૧૧-૨૦૨૧ થી ૨૧-૧૧-૨૦૨૧ સુધીનું આપનું સાપ્તાહિક રાશિ ભવિષ્ય

**મેષ : અ.લ.ઈ. સ્વામિ - મંગળ**

સપ્તાહ દરમ્યાન કાર્યબોજ વિશેષ રહે. જોખમી અને સાહસભર્યા કાર્યોમાં સાવધાની રાખવી. માનસિક ત્રાસ અનુભવાય. અગત્યના કાર્યમાં વિઘ્ન આવે. માનસિક સંયમ કેળવવા તેમજ લાગણી ઉપર કાબુ રાખવો હિતાવહ. નાણાંકીય દ્રષ્ટિએ સાનુકૂળ સમય છે. હાથ ધરેલી કામગીરીમાં ઝડપથી સફળતા પ્રાપ્ત થાય. વિદ્યા-અભ્યાસને લગતા કાર્યમાં પણ સફળતા પ્રાપ્ત મળે વ્યર્થ ક્રોધ ન થાય તેની તકેદારી રાખવી, નહિંતર અગત્યના સંબંધો તુટી જાય.

**વૃષભ : બ.વ.ઉ. સ્વામિ - શુક્ર**

આ સપ્તાહ દરમ્યાન સ્થાન પરિવર્તનના યોગ છે. કૌટુંબિક મિલ્કતના પ્રશ્નોનો ઉકેલ આવે. અલબત્ત આરોગ્યની કાળજી રાખવી હિતાવહ છે. વ્યવહારિક બાબતોમાં જાગૃતિ કેળવવી જરૂરી છે. તેમજ અચાનક વ્યર્થ ખર્ચના ભોગ ન બની જવાય તે માટે સાવચેતી રાખવી. કોર્ટ-કચેરીને લગતા કાર્યમાં વિલંબ બાદ સફળતા પ્રાપ્ત કરી શકશો. તબિયત જાળવવી નહિંતર તકલીફમાં પડી જવાય.

**મિથુન : ક.છ.ઘ. સ્વામિ - બુધ**

આ સપ્તાહ દરમ્યાન કોઈપણ નાની-મોટી ચિંતા કે જવાબદારી હશે તો તેમાંથી મૂક્તિ મેળવી શકશો. મનની બેચેની દૂર થાય. ભાગીદારી વર્ગ સાથે મતભેદ હોય તો તે દૂર કરી શકશો. આ ઉપરાંત નાણાંકીય બાબતો માટે આ સપ્તાહ મિશ્રફળદાયી ગણાવી શકાય. રોકાયેલા નાણાં પરત લેવા જતા પૂરે પૂરી સફળતા ન મળે. નોકરીયાત વર્ગને આ સપ્તાહ પ્રગતિકારક અને આશાકારક નીવડે, સ્વાસ્થય સારૂ રહે.

**કર્ક : ડ.હ. સ્વામિ - ચંદ્ર**

આ સપ્તાહ દરમ્યાન જૂના મતભેદો નિવારી શકશો. અલબત કાર્યબોજમાં વધારો થાય પરંતુ તેનું પૂરે પૂરૂ વળતર પણ પ્રાપ્ત કરી શકશો. અગત્યના કામકાજોમાં સફળતા મળે. સંતાનો સાથે મતભેદની શકયતા નકારી શકાતી નથી. કંઈક નવું આયોજન વિચાર્યુ હોય તો તે પણ સફળતાપૂર્વક પાર પાડી શકશો. જામીનગીરી જેવા કાર્યોથી દૂર રહેવું.

**સિંહ : મ.ટ. સ્વામિ - સૂર્ય**

આ સપ્તાહ દરમ્યાન નવિન જવાબદારી અચાનક જ આવી પડે. આર્થિક બાબતને લગાત કાર્ય પૂર્ણ થાય. નવી આવકના યોગ છે. સામાજિક બાબતે કાર્યોમાં ગુંચવણ જોવા મળે. સ્વમાન ભંગ ન થાય તે માટે સાવધ રહેવું જરૂરી બનો. પ્રવાસ-યાત્રા ટાળવો હિતાવહ. જો કે, આનંદ-પ્રમોદમાં વિશેષ પ્રવૃત રહેવાય અને નવિન ખરીદીઓ પણ થાય. નવા સંબંધો વિકસાવવામાં સાવધાની રાખવી જરૂરી બને.

**કન્યા : પ.ઠ.ણ. સ્વામિ - બુધ**

આ સપ્તાહ દરમ્યાન જૂના મિત્રો, સગા-સંબંધીઓની મુલાકાત થાય. જે લાભદાયી રહે. વ્યર્થ ચિંતાને કારણે અકારણ ગુસ્સો રહ્યા કરે. જીવનસાથી કે સંતાનના આરોગ્ય અંગે સંભાળ રાખવી જરૂરી બને. આર્થિક સમસ્યા દૂર થાય. અણધાર્યો ધન લાભ થાય. અટકી પડેલા કાર્યો આ સપ્તાહમાં પૂર્ણ કરી શકશો. વાદ-વિવાદમાં ન ઉતરતા વાણી સંયમ જાળવવો હિતાવહ.

**તુલા : ર.ત. સ્વામિ - શુક્ર**

આ સપ્તાહ દરમ્યાન માનસિક તાણનો અનુભવ થાય. વ્યર્થ ઉત્પાત કરતા ધીરજ ધરી કાર્યો કરવા. કોઈપણ નિર્ણય ઉતાવળે ન લેવા. નાણાંકીય મુંઝવણનો ઉકેલ મળે. આવકવૃધ્ધિના તમારા પ્રયત્નોમાં જરૂરી સફળતા મળે. તેમ છતાં કૌટુંબિક ક્ષેત્રે ખર્ચનું પ્રમાણ વિશેષ રહે. પ્રતિકૂળતામાંથી માર્ગ કાઢી શકશો. આ સપ્તાહમાં કોઈ મોટી લે-વેંચ હોય તો તે સ્થગિત રાખવી.

**વૃશ્ચિક : ન.ય. સ્વામિ - મંગળ**

આ સપ્તાહ દરમ્યાન એક નવિન અનુભવ અને ચંચળતા આપનાર નીવડે. ધાર્મિક કાર્યમાં પ્રવૃત્ત રહેવું. નવિનમિલન-મુલાકાત કે મુસાફરીથી હૃદય અત્યંત પ્રસન્નતાનો અનુભવ કરે. પારિવારીક સમસ્યાઓને વાટાઘાટો દ્વારા હલ લાવી શકાય. નાણાંનો દૂરવ્યય થતો અટકે. સાસરાપક્ષ કે મોશાળપક્ષ તરફથી નાનો એવો લાભ મળે. જીવનસાથી સાથે વાદ-વિવાદમાં ન ઉતરવો હિતાવહ. કોઈ ગેરસમજ ન સર્જાય તેની ખાસ સાવચેતી રાખવી.

**ધન : ભ.ધ.ફ.ઢ. સ્વામિ - ગુરૂ**

આ સપ્તાહમાં તમારા મનના મનોરથ ધીરે-ધીરે સફળ થતા જણાય. આ ઉપરાંત પ્રિયજનથી વિશેષ લગાવ રહે. તેના સાથે મનદુઃખ હોય તો દૂર થશે. અણધાર્યો લાભ મેળવી શકશો. કોર્ટ-કચેરી અને જમીનને લગતા કાર્યોમાં લાભ પરંતુ આરોગ્ય બાબતે સાવચેતી રાખવી જરૂરી બને. મનમાં ચિંતા હશે તે પણ દૂર થાય તેવું બને. વ્યવસાયના કાર્યમાં મહેનત વધારવી જરૂરી બને. શેર-સટ્ટા જેવા કાર્યથી દૂર રહેવું. તબિયત એકંદરે સારી રહે.

**મકર : ખ.જ. સ્વામિ - શની**

આ સપ્તાહ દરમ્યાન કાર્યબોજ વિશેષ રહે જેથી વ્યસ્ત રહેવાય. નાણાંકીય આયોજનોને સફળતાથી પાર પાડી શકશો. સંતાન સંબંધી કાર્યમાં સફળતા મળે. અણધાર્યો પ્રવાસ કે મુસાફરી થાય. લાભની આશા ઠગારી નીવડે. અકારણ ક્રોધના ભોગ બનો. ગુપ્ત શત્રુવર્ગની પ્રબળતા છતાં પણ હિમ્મતથી વર્તાવથી નુકશાનીમાંથી બચી જવાય. મુંઝવણભર્યા પ્રશ્નોમાંથી માર્ગ મળે. રચનાત્મક પ્રવૃત્તિઓ વેગવંતી બને. મહત્વના નિર્ણયો કરી શકશો.

**કુંભ : ગ.શ.ષ.સ. સ્વામિ - શની**

આ સપ્તાહ દરમ્યાન જમીન, મકાન, વાહન, વ્યવસાયને લગતા કાર્યો માટે સમય સાનુકૂળ રહે. એકંદરે આ સપ્તાહ દરમ્યાન રોકાયેલા નાણાં છૂટા થાય. મુંઝવણમાંથી માર્ગ કાઢી શકશો. જૂના સ્નેહિવર્ગ દ્વારા પણ લાભ પ્રાપ્ત કરી શકશો પરંતુ વાણીસંયમ જાળવવો અનિવાર્ય બની જાય. જીવનસાથીને મનદુઃખ રહે. સંતાન વર્ગ દ્વારા શુભ સમાચાર મળે. મહત્વની વ્યક્તિ માટે મિલન-મુલાકાતમાં સફળતા મળે. વેપાર-ધંધામાં પ્રગતિ થાય.

**મીન : દ.ચ.ઝ.થ. સ્વામિ - ગુરૂ**

આ સપ્તાહ દરમ્યાન નવિન યોજનાઓ કે અગત્યના કાર્યમાં મંદગતિએ સફળતા મેળવી શકશો. શત્રુ પક્ષથી ખાસ સાવચેતી રાખવી. કોર્ટ-કચેરીને લગતા કાર્યોમાં નાણાંનો વ્યય થાય તેવા સંજોગો છે. પરોપકારીના કાર્યમાં પણ સાવધાની જરૂરી છે. પારિવારીક જીવનનું વાતાવરણ ઉત્સાહપૂર્વક રહે. જીવનસાથી સાથે મનદુઃખ કે મતભેદ હોય તો નિવારણ થાય.

# ઓક્ટોબરમાં નોકરીઓ લગભગ ૧૧ વર્ષની ઊંચી સપાટીએ પહોંચી

નવી દિલ્હી તા.૧૫ ભારતના સર્વિસ સેક્ટરમાં આઈએચએસ માર્કેટ સર્વિસ પર્ચેસિંગ મેનેજર્સ ઈન્ડેક્સ (પીએમઆઈ) સર્વેક્ષણ આધારિત પ્રતિબિંબ દ્વારા ઓક્ટોબરમાં સાડા દસ વર્ષમાં સૌથી મજબૂત ઉત્પાદન વૃદ્ધિ નોંધાવી હતી જે સપ્ટેમ્બરમાં ૫૫.૨થી વધીને ૫૮.૪ ઉપર પહોંચી હતી. પીએમઆઈ ઉપર ૫૦નું રીડિંગ સૂચવે છે કે પાછલા મહિનાના આર્થિક પ્રવૃત્તિ સ્તરોથી કોઈ ફેરફાર થયો નથી. સર્વેક્ષણ કરાયેલ ૪૦૦ કંપનીઓના આધારે રોજગાર સર્જનની ગતિ મધ્યમ રહી પરંતુ સપ્ટેમ્બરથી ફેબ્રુઆરી ૨૦૨૦ પછી તેમાં વધુ ઝડપ દેખાઈ. આઈએચએસ માર્કેટના અર્થશાસ્ત્રના સહયોગી નિયામક પોલિઆના ડી લિમાએ જણાવ્યું હતું કે સાડ દસ વર્ષમાં કંપનીઓએ સૌથી ઝડપી ગતિએ પ્રવૃત્તિ વધારી અને વધુ નોકરીઓનું સર્જન કરીને સેવાઓ ક્ષેત્રની પુર્નઃપ્રાપ્તિ તેના સતાત ત્રીજા મહિનામાં વેગ વધાર્યો છે. આઈએચએસ માર્કેટ દ્વારા સર્વેક્ષણ કરાયેલી કંપનીઓએ ઉચ્ચ ઈંધણ, સામગ્રી, છૂટક, સ્ટાફ અને પરિવહન ખર્ચનો ઉલ્લેખ કર્યો છે. કિંમતના દબાણની આસપાસની વધતી જતી ચિંતાઓને કારણે એકંદરે વ્યાપારનો વિશ્વાસ નબળો રહ્યો. ઈનપુટ ખર્ચમાં ફરીથી તીવ્ર વધારો થતાં કંપનીઓએ ઓક્ટોબરમાં તેમની ફી લગભગ સાડા ચાર વર્ષમાં સૌથી ઝડપી ગતિએ વધારી હતી. ભારતમાં સેવાઓની જોગવાઈ માટે વસૂલવામાં આવતી કિંમતોમાં નોંધપાત્ર વધારો માંગ ઉપર કોઈ હાનિકારક અસર કરતું નથી, તે કહે છે સેવા પ્રદાતાઓ ચિંતિત હતા કે સતત ફુગાવાનું દબાણ આવતા વર્ષમાં વૃદ્ધિનો અટકાવી શકે છે. ઐતિહાસિક ડેટાના સંદર્ભમાં વ્યાપારના વિશ્વાસ નબળો રહ્યો. તેણીએ ૧૨ અને ૨૭ઓક્ટોબર વચ્ચે એકત્ર કરાયેલ સર્વેના ડેટાના ટાંકીને ધ્યાન દોરતા જણાવ્યું. ડેટા ચિંતાજનક રીતે ભારતીય સેવાઓની આંતરરાષ્ટ્રીય માંગમાં સતત નબળાઈ સૂચવે છે. ઓક્ટોબરમાં નવા નિકાસ વ્યવસાયમાં ઘટાડો થયો છે જે કોવિડ-૧૯ફાટી નીકળ્યા પછીનું વલણ જોવા મળ્યું. ઓક્ટોબરમાં મેન્યુફેક્ચરિંગ પીએમઆઈ પણ આઉટપુટ ઈન્ડેક્સ જે સેવાઓ અને માલ બંનેને કબજે કરે છે તે સપ્ટેમ્બરમાં ૫૫.૩ થી વધીને ૫૮.૭ થયો છે જે જાન્યુઆરી ૨૦૧૨ પછીના સૌથી મજબૂત માસિક વિસ્તરણનો સંકેત આપે છે. ઉત્પાદકો દ્વારા નોકરીમાં ઘટાડો થયો હોવા છતાં સેવા ક્ષેત્રોમાં નોકરીના વધારાથી ખાનગી ક્ષેત્રની રોજગારીને સતાત બીજા મહિને વૃદ્ધિ નોંધવામાં મદદ મળી.

# ના, નોટબંધી સારો વિચાર ન હતો, ખરાબ રીતે અમલી કરાયેલ તે શરૂઆતથી જ હાસ્યાસ્પદ વિચાર હતો

નવી દિલ્હી તા.૧૫

શું નોટબંધી એક સારો વિચાર હતો, પરંતુ તેનો અમલ ખરાબ અને ખોટી રીતે થયો હતો ? ના, નોટબંધી એ સારો વિચાર ન હતો અને ખરાબ રીતે અમલમાં મૂકાયેલ આ શરુઆતથી જ એક હાસ્યાસ્પદ વિચાર હતો. તેના સમર્થનમાં કેટલીક દલીલો અને દાવાઓ નીચે મુજબ છે.

**દાવા નં.૧ : રોકડ એ કાળું નાણું છે**

કાળા નાણાના અર્થતંત્રનો આ ખ્યાલ ખોટો છે. વાસ્તવમાં કાળા નાણાનું અર્થતંત્ર એટલે એવા વ્યવહારો જે કરવેરાની જાળમાંથી છટકી જાય છે. આથી ચલણી નોટ સંપૂર્ણપણે નાથી બ્લેક કે નથી વ્હાઈટ. જેમ કે ફળો અને શાકભાજી વેચતા ફેરિયાઓનો ધંધો રોકડમાં થતો હોય છે પરંતુ તેનો અર્થ એ નથી કે આ વ્યવહાર ગેરકાયદે છે અથવા કાળા નાણાના અર્થતંત્રના ભાગરૂપ છે.

**દાવા નં.૨ : જો તમામ રોકડ રકમ કાળું નાણું ન હોય તો પણ મોટાભાગનું કાળું નાણું રોકડમાં છે**

સત્ય એ છે કે ગેરકાયદે રોકડ વ્યવહારો એ કાળું નાણું છે પરંતુ કાળા નાણાના અર્થતંત્રનો ખૂબ જ નાનો ભાગ છે. વિદેશમાં જમા કે બનાવટી કંપનીઓમાં રોકાણ થતું નાણું કે જ્યાં કરવેરાના દર સાવ નજીવા છે અથવા નાથી, પરંતુ તે બિનરોકડ સ્વરૂપમાં હોવાથી નોટબંધી કરવાથી તેને કોઈ અસર થતી નાથી.

**દાવા નં.૩ : આ પ્રકારનું પગલું ગેરકાયદે રોકડનો બ્રેક મારે છે**

જેમ કે જનધન યોજનામાં આવી રોકડ રકમ જમા કરાવીને તેમાંથી છટકવાનો રસ્તો અપનાવવામાં આવ્યો હતો. આથી જનધન યોજનાની ડિપોઝીટમાં એકાએક ઉછાળો આવ્યો હતો પરંતુ ત્યાર બાદ મોટા ભાગના નાણા પરત ઉપાડી લેવામાં આવ્યાં હતાં. આમ જે બ્લેક નાણું હતું તે બ્લેક જ રહ્યું છે.

**દાવા નં.૪ : જો આ વિચારનો યોગ્ય અમલ થયો હોત તો કાયમ માટે કાળું અર્થતંત્ર ખતમ થયું હોત**

આ દાવો પણ સમસ્યારૂપ છે. એવું કહીએ કે જે રોકડ રકમ ગેરકાયદે હતી તો સિસ્ટમમાં ક્યારેય પાછી આવી ન હતી અને શું તેનાથી કાળા નાણાનું અર્થતંત્ર ક્યારેય ખતમ થયું હોત ? આ પ્રશ્નનો જવાબ પણ નામાં છે. નોટબંધી છતાં હજુ મિલકતો બ્લેક અને વ્હાઈટના પ્રમાણમાં વેચવામાં આવે છે અથવા તો રીસીપ્ટ વગર રોકડમાં વ્યવહારો કરવામાં આવે છે.

# ભારતમાં ૩૩ લાખથી વધુ બાળકો કુપોષિત છે, તે પૈકી ૫૦%થી વધુ ગંભીર કુપોષિત શ્રેણીમાં આવે છે

નવી દિલ્હી તા.૧૫

WCD મંત્રાલયે RTI પ્રશ્નના જવાબમાં જણાવ્યું છે કે, ભારતમાં ૩૩ લાખથી વધુ બાળકો કુપોષિત છે અને તેમાંથી અડધાથી વધુ બાળકો ગંભીર કુપોષિત શ્રેણીમાં આવે છે જેમાં મહારાષ્ટ્ર, બિહાર અને ગુજરાત ટોચ ઉપર છે. કોવિડ રોગચાળો ગરીબમાં ગરીબ લોકોમાં આરોગ્ય અને પોષણની કટોકટી વધારી શકે છે તેવી ચિંતા દર્શાવતા, મહિલા અને બાળ વિકાસ મંત્રાલયના અંદાજ મુજબ ૧૭,૭૬,૯૦૨ (૧૭.૭૬ લાખ/૧.૭ મિલિયન) ગંભીર રીતે તીવ્ર કુપોષિત બાળકો અને ૧૫, ૧૪ ઓક્ટોબર, ૨૦૨૧ સુધીમાં ૪૬,૪૨૦ (૧૫.૪૬ લાખ/ ૧.૫ મિલિયન) મધ્યમ તીવ્ર કુપોષિત બાળકો છે. કુલ ૩૩,૨૩,૩૨૨ (૩૩.૨૩ લાખ/૩.૩ મિલિયન) બાળકો કુપોષિત છે એ ૩૪ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના ડેટાનું સંકલન છે, એવું મંત્રાલયે PTI દ્વારા એક RTI પ્રશ્નના જવાબમાં જણાવ્યું હતું. જ્યારે આ સંખ્યાઓ ચિંતાજનક છે, ત્યારે ગયા નવેમ્બરના આંકડાઓ સાથેની સરખામણી તેમને હજી વધુ ખરાબ બનાવે છે. નવેમ્બર ૨૦૨૦ અને ઓક્ટોબર ૧૪, ૨૦૨૧ વચ્ચે SAM બાળકોની સંખ્યામાં ૯૧ ટકાનો વધારો જોવા મળ્યો છે -જે ૯,૨૭,૬૦૬ (૯.૨૭ લાખ)થી વધીને હવે ૧૭.૭૬ લાખ થયો છે. જો કે, આ આંકડાઓના બંને સેટ ડેટા એકત્ર કરવાની વિવિધ પદ્ધતિઓ ઉપર આધારિત છે. SAM બાળકોની સંખ્યા (છ મહિનાથી છ વર્ષ સુધી) ગયા વર્ષે જેની ગણતરી ૩૬ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો દ્વારા કરવામાં આવી હતી અને કેન્દ્રને પહોંચાડવામાં આવી હતી. અને નવીનતમ આંકડા પોશન ટ્રેકર દ્વારા ગણવામાં આવ્યા છે જ્યાં આંગણવાડીઓ દ્વારા સંખ્યા દાખલ કરવામાં આવી હતી અને કેન્દ્રને મોકલવામાં આવી હતી અને તેમાં બાળકોના વય જૂથનો ઉલ્લેખ કરવામાં આવ્યો નથી.

MAM અને SAM બંને બાળકના સ્વાસ્થ્ય ઉપર ગંભીર આરોગ્ય અસરો ધરાવે છે. SAM થી પીડિત બાળકોનું વજન તેમની ઊંચાઈ મુજબ ખૂબ જ ઓછું હોય છે, અને તેમની નબળી રોગપ્રતિકારક શક્તિને કારણે રોગોના કિસ્સામાં મૃત્યુ થવાની શક્યતા નવ ગણી વધારે હોય છે અને જેઓ MAM થી પીડિત છે તેમના ઉપર પણ બાળપણ દરમ્યાન રોગ અને મૃત્યુનું જોખમ હોય છે. પોશન ટ્રેકરને ટાંકતા, મહારાષ્ટ્રમાં સૌથી વધુ ૬,૧૬,૭૭૨ (૬.૧૬ લાખ) કુપોષિત બાળકો નોંધાયા છે જેમાં ૧,૫૭,૯૮૪ (૧.૫૭ લાખ) MAM બાળકો અને ૪,૫૮,૭૮૮ (૪.૫૮ લાખ) SAM બાળકો છે. યાદીમાં બીજા નંબરે બિહાર છે જેમાં ૪,૭૫,૮૨૪ (૪.૭૫ લાખ) કુપોષિત બાળકો (૩,૨૩,૭૪૧ MAM બાળકો અને ૧,૫૨,૦૮૩ SAM બાળકો) છે.

ગુજરાતમાં ૧,૫૫,૧૦૧ (૧.૫૫ લાખ) MAM બાળકો અને ૧,૬૫,૩૬૪ (૧.૬૫ લાખ) SAM બાળકો સાથે ૩,૨૦,૪૬૫ (૩.૨૦ લાખ) બાળકો છે અને તે ત્રીજા નંબર ઉપર છે. આ આંકડાઓ અંગે જવાબ આપતા, ચાઈલ્ડ રાઈટ્સ એન્ડ યુ (CRY)ના સીઈઓ પૂજા મારવાહાએ જણાવ્યું હતું કે કોવિડ રોગચાળાએ લગભગ તમામ સામાજિક-આર્થિક સૂચકાંકોને નકારાત્મક અસર કરી છે, શાળાઓના લાંબા સમય સુધી બંધ રહેવા દરમ્યાન ICDS (સંકલિત બાળ વિકાસ યોજના) અને શાળાઓમાં મધ્યાહન ભોજન જેવી સેવાઓ અનિયમિત બની છે. આનાથી બહુ-પરિમાણીય ગરીબીમાં અપ્રમાણસર બાળકોને ગંભીર અસર થઈ છે, કારણ કે તેઓ મોટાભાગે આ સેવાઓ ઉપર નિર્ભર છે. જ્યાં સુધી બાળકોની પોષણ સુરક્ષાને સુરક્ષિત કરવા માટે અંદાજપત્રીય ફાળવણીમાં પર્યાપ્ત સંબંધિત પડકારો અને ઉપયોગમાં રહેલા અવરોધોને દૂર કરવામાં ન આવે ત્યાં સુધી, ભારત રોગચાળાને કારણે થતા નુકસાનને ઘટાડવામાં અસમર્થ રહેશે.

અન્ય રાજ્યોમાંથી, આંધ્રપ્રદેશમાં ૨,૬૭,૨૨૮ (૨.૭૬ લાખ) કુપોષિત બાળકો (૬૯,૨૭૪ MAM બાળકો અને ૧,૯૭,૯૫૪ SAM બાળકો) અને કર્ણાટકમાં ૨,૪૯,૪૬૩ (૨.૪૯ લાખ) જેમાં (૧,૮૨,૧૭૮ MAM બાળકો અને SAM બાળકો ૬૭,૨૮) બાળકો છે. ઉત્તર પ્રદેશમાં ૧,૮૬,૬૪૦ (૧.૮૬ લાખ) કુપોષિત બાળકો (૧,૧૪,૦૯૪ MAM બાળકો અને ૭૨,૫૪૬ SAM બાળકો) છે જયારે તમિલનાડુમાં ૧,૭૮,૦૬૦ (૧.૭૮ લાખ બાળકો (૧,૨૦,૦૭૬ MAM બાળકો અને ૫૭,૯૮૪ SAM બાળકો) નોંધાયા છે. આસામમાં કુપોષણના ૧,૭૬,૪૬૨ (૧.૭૬ લાખ) કેસ (૧,૧૭,૦૧૬ MAM બાળકો અને ૫૯,૪૪૬ SAM બાળકો) અને તેલંગાણામાં ૧,૫૨,૫૨૪ (૧.૫૨ લાખ, ૯૫,૦૩૩ MAM અને ૫૭,૪૯૧ SAM બાળકો) છે. નવી દિલ્હી પણ પાછળ નથી. રાષ્ટ્રીય રાજધાનીમાં SAM અને MAM બાળકોની સંયુક્ત સંખ્યા ૨૦,૧૨૨ MAM અને ૯૭,૨૨૩ SAM બાળકો સાથે ૧,૧૭,૩૪૫ (૧.૧૭ લાખ) છે.

એપોલો હોસ્પિટલ્સ ગ્રૂપના ગ્રૂપ મેડિકલ ડિરેક્ટર અને વરિષ્ઠ બાળરોગ નિષ્ણાત અનુપમ સિબ્બલે જણાવ્યું હતું કે કુપોષણને વહેલાસર ઓળખવું અને કુપોષણને વધુ બગડતું અટકાવવા માટે યોગ્ય ઉપચારની વ્યવસ્થા કરવી અત્યંત મહત્વપૂર્ણ છે. બાળરોગ અને નિયોનેટોલોજી, વિભાગના વડા, મનીષ મન્નાને ઉમેર્યું હતું કે ગંભીર તીવ્ર કુપોષણ ધરાવતા બાળકોને દર્દીઓની સારવાર દરમ્યાન જટિલતાઓના નિદાન અને વ્યવસ્થાપનની સાથે વિશેષ રોગનિવારક આહાર સાથે સારવાર કરવાની જરૂર છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે, કુપોષણની સારવાર સાથે સંકળાયેલી કોઈપણ બીમારીનું મૂલ્યાંકન કરવું મહત્વપૂર્ણ છે. કેટલીકવાર કોઈ અંતર્ગત બીમારી હોય છે જે મેલબસોર્પ્શન, રેનલ ડિસઓર્ડર અથવા તો ડાયાબિટીસ અને ટ્યુબરક્યુલોસિસ જેવા રોગો માટે જવાબદાર હોય છે જે કુપોષણ તરફ દોરી શકે છે. તેથી, આહાર સિવાય, સંભવિત કાર્બનિક કારણો અને શરીર ઉપર કુપોષણની અસરો ઉપર ધ્યાન આપવું પણ મહત્વપૂર્ણ છે.

કુપોષિત બાફકોનો છેલ્લો ઉપલબ્ધ આંકડો ૨૦૧૫-૧૬માં NFHS -૪ (નેશનલ ફેમિલી હેલ્થ સર્વે)નો છે જે મુજબ પાંચ વર્ષથી ઓછી ઉંમરના ૩૮.૪ ટકા બાળકોની ઉંચાઈ ઓછી છે અને ૨૧ ટકા કમજોર અથવા ઓછા વજનવાળા છે. ભારતમાં NFHS -૫, ગયા વર્ષે ડિસેમ્બરમાં બહાર પાડવામાં આવ્યું હતું, જેણે ૨૨ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો માટેના આંકડા આપ્યા હતા તે પણ ગંભીર પરિસ્થિતિ રજૂ કરે છે અને દર્શાવે છે કે ૨૨ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં ૨૦૧૫-૧૬થી ૨૦૧૯-૨૦માં બાળકોમાં કુપોષણમાં વધારો થયો છે. ઉપરાંત, ભારત ૧૧૬ દેશોના ગ્લોબલ હંગર ઈન્ડેક્સ ૨૦૨૧માં ૧૦૧માં સ્થાને આવી ગયું છે, જે ૨૦૨૦માં ૯૪માં સ્થાને હતું અને તે તેના પાડોશી દેશો પાકિસ્તાન, બાંગ્લાદેશ અને નેપાળથી પાછળ છે. દેશમાં કુપોષણની ઉચ્ચ ટકાવારીનો સામનો કરવા માટે, કેન્દ્રએ ૨૦૧૮માં પોષણ અભિયાન કાર્યક્રમ શરૂ કર્યો હતો જેથી બાળકો, કિશોરીઓ અને સ્ત્રીઓમાં કુપોષણ અને એનિમિયા જેવી સમસ્યાઓ ઘટાડી શકાય.

(સૌ. : NDTV.કોમ)

# નોટબંધીથી RBIની પ્રતિષ્ઠા ખરડાઈ છે, ભાવિ નીતિ નિર્માતાઓ આમાંથી શું પાઠ લઈ શકે ?

નવી દિલ્હી તા.૧૫

૮ નવેમ્બર, ૨૦૧૬ના રોજ જાહેર કરાયેલી નોટબંધીની કવાયત દ્વારા સમગ્ર ભારતીય અર્થતંત્રમાં વિક્ષેપ પડ્યો હતો, જેમાં રાતોરાત ઉચ્ચ મૂલ્યની ચલણી નોટો દૂર કરવામાં આવી હતી, તે સાથે જ ભારતમાં નાણાં પુરવઠાના મુખ્ય નિયમનકાર તરીકે રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાની ભૂમિકા ઉપર ગંભીર વિવાદ ઊભો થયો હતો. ભારતીય રિઝર્વ બેંકના વિવાદાસ્પદ વર્તનને સમજવા માટે નાણાં પુરવઠાના નિયમનકાર તરીકે કેન્દ્રીય બેંકના ઉત્ક્રાંતિનો ઊંડો અભ્યાસ જરૂરી છે.

ઐતિહાસિક રીતે વસાહતી સરકારે ૧૮૬૧માં પેપર કરન્સી એક્ટના અમલ સાથે એકમાત્ર નોટ જારી કરવાની સત્તાઓ સ્વીકારી હતી, તે સત્તા પાછળથી પ્રેસિડેન્સી બેંકોને સોંપવામાં આવી હતી. ૧૯૨૧માં ઈમ્પીરિયલ બેંક ઓફ ઈન્ડિયાની રચના કરવા માટે તેમના વિલીનીકરણ સાથે ચલણ જારી કરવાની જવાબદારી ઈમ્પીરિયલ બેંક (જે હવે સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા છે) ઉપર મૂકવામાં આવી હતી. ૧૯૩૪માં ભારતીય રિઝર્વ બેંક અધિનિયમ પસાર થતાં આ સત્તા આગામી વર્ષે નવી સ્થાપિત રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાને ટ્રાન્સફર કરવામાં આવી હતી. યુએસ કોંગ્રેસે ૧૯૧૩માં ફેડરલ રિઝર્વ એક્ટ પસાર કર્યાની પૃષ્ઠભૂમિ સામે આ ઘટના બની હતી, જેણે 'ધ પેનિક ઓફ ૧૯૦૭' તરીકે ઓળખાતી નાણાકીય કટોકટી પછી ફેડરલ રિઝર્વ બોર્ડને ચલણ વ્યવસ્થાપનની સત્તા આપી હતી.

ભારતીય વ્યવસ્થાનું તર્ક શું છે ? ભારતીય એસેમ્બલીમાં રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા બિલને રજૂ કરતી વખતે વાઈસરોયની કાઉન્સિલના ફાયનાન્સ મેમ્બર જ્યોર્જ શુસ્ટરે જે કહ્યું તે અગત્યનું છે. 'જ્યારે જાહેર નાણાંની દિશા લોકપ્રિય રીતે ચૂંટાયેલી વિધાનસભા માટે જવાબદાર મંત્રાલયના હાથમાં હોય, એક મંત્રાલય જે બદલાતી રાજકીય પરિસ્થિતિ સાથે વારંવાર બદલાવ માટે જવાબદાર હોય, તો તે ઈચ્છનીય છે કે, ચલણનું નિયંત્રણ અને દેશમાં ક્રેડિટ એક સ્વતંત્ર સત્તાના હાથમાં હોવું જોઈએ જે પોતાની રીતે સાતત્ય સાથે કામ કરી શકે.' સાર્વભૌમ રાજ્યના એજન્ટ તરીકે સરકાર પાસે વિશાળ શ્રેણીની જવાબદારીઓ છે, જેમાંથી ઘણી ચલણ વ્યવસ્થાપન કરતાં વધુ ગંભીર છે તેની પાસે વિશ્લેષણાત્મક કૌશલ્ય અને કુશળતા પણ નથી. રિઝર્વ બેંક એ આર્થિક વ્યવસ્થાની સ્થિરતા સુનિશ્ચિત કરવા માટે જરૂરી દેશની અર્થવ્યવસ્થા અને નાણાકીય પ્રણાલીની ઘનિષ્ઠ જાણકારી ધરાવતા વ્યાવસાયિકોની સંસ્થા છે. આરબીઆઈ બેંક એક્ટની કલમ ૨૪ મુજબ ચલણી નોટો જારી કરવાની એકમાત્ર સત્તા ધરાવે છે, કલમ ૨૬(૨)એ કેન્દ્ર સરકારને જાહેર કરવાની સત્તા આપે છે કે, ચોક્કસ મૂલ્યની નોટ કાનૂની ટેન્ડર તરીકે બંધ કરવામાં આવે છે. આ જાહેર કરતી વખતે સરકારે જો કે, રિઝર્વ બેંકના સેન્ટ્રલ બોર્ડની ભલામણ સાથે કામ કરવું પડશે. આનો અર્થ એવો થાય છે કે, નાણાંના પુરવઠાને અસર કરતા નિર્ણયો લેવામાં આવે ત્યારે સાર્વભૌમ તરીકે રાજ્ય અને નાણાકીય નિયમનકાર તરીકે રિઝર્વ બેંક એક જ દિશામાં હોવા જોઈએ. ૧૯૯૦ના દાયકાની શરૂઆતમાં જ્યારે ઉદારીકરણની શરૂઆત થઈ, ત્યારે સાર્વભૌમ સત્તા તરીકે રિઝર્વ બેંક અને સરકાર વચ્ચે નિયમનકાર તરીકે વધુ સારા સંકલનની જરૂરિયાત અનુભવાઈ હતી. આ જરૂરિયાતને પહોંચી વળવા માટે નાણાકીય સ્થિરતા અને વિકાસ પરિષદની સ્થાપના ૨૦૧૦માં બંને સત્તાવાળાઓના પ્રતિનિધિઓ સાથે કરવામાં આવી હતી. જ્યારે નાણાકીય સ્થિરતા અને વિકાસ પરિષદનો ધ્યેય નાણાકીય સ્થિરતા જાળવવાનો હતો, તે બે સત્તાવાળાઓ વચ્ચે વધુ સારા સંકલન માટે એક સારી પદ્ધતિ હતી. રિઝર્વ બેંકના કરન્સી મેનેજમેન્ટ વિભાગ ચલણમાંથી ચલણના પુરવઠા વિતરણની કાળજી લે છે. વાસ્તવિક રીતે સમગ્ર દેશમાં બેંકો દ્વારા તેનું સંચાલન કરવામાં આવે છે. આ આઉટલેટ્સ પરિભ્રમણ માટે ચલણનું અવિરત વિતરણ સુનિશ્ચિત કરે છે. આ પૃષ્ઠભૂમિને જોતાં જ્યારે સરકાર નોટબંધી જેવા આત્યંતિક પગલાં લેવાનું નક્કી કરે છે, ત્યારે બંને વચ્ચે પરામર્શ કરવું ફરજિયાત છે. હકીકતમાં તે વિશાળ જાહેરહિતમાં છે. રિઝર્વ બેંકની સ્થાપના પછી ભારતમાં નોટબંધીની અગાઉની બે કવાયતને યાદ કરવી સુસંગત રહેશે. પ્રથમ ૧૯૪૬માં વાઈસરોયની સરકાર દ્વારા બીજા વિશ્વ યુદ્ધ દરમ્યાન કાળા નાણાંના જોખમને પહોંચી વળવા માટે નોટબંધી કરવામાં આવી હતી. સરકારે તેના પ્રસ્તાવ ઉપર રિઝર્વ બેંકની ભલામણ માંગી હતી. બેંક કડક પગલાંની તરફેણમાં ન હતી. સરકારે વાંધાઓને રદિયો આપ્યો અને કોઈપણ રીતે ઉચ્ચ મૂલ્યની નોટોને બંધ કરી દીધી હતી. જો કે, તેનાથી ઈચ્છિત પરિણામ મળ્યું ન હતું. રિઝર્વ બેંકના ગવર્નર સી.ડી. દેશમુખે બાદમાં પુષ્ટિ કરી હતી કે, નોટબંધી કરાયેલ ઉચ્ચ મૂલ્યની નોટો લગભગ સંપૂર્ણ રીતે બેંકને પરત કરવામાં આવી હતી. બીજી નોટબંધી ૧૯૭૮માં જ્યારે મોરારજી દેસાઈ વડાપ્રધાન હતા. આ વખતે પણ રિઝર્વ બેંકને દરખાસ્તની અસરકારકતા અંગે વિશ્વાસ ન હતો. ફરી એકવાર રાજ્યએ તેની સાર્વભૌમ સત્તાનો ઉપયોગ કર્યો હતો. સદ્નસીબે ઉચ્ચ- મૂલ્યની નોટોનું પ્રમાણ ઓછું હતું અને સામાન્ય નાગરિકોને મોટાભાગે કોઈ અસર થઈ ન હતી. પરંતુ કાળા નાણાંની આશંકા ચાલુ રહી હતી.




આ બંનેમાં એક સામાન્ય લક્ષણ નોંધનીય હતું, સરકારો ભારતીય રિઝર્વ બેંક એક્ટની ભાવનાને માન આપે છે. રેગ્યુલેટર સાથે અગાઉ પરામર્શ કરવામાં આવ્યો હતો, જેણે તેના ચુકાદાના આધારે એક અલગ અભિપ્રાય વ્યકત કર્યો હતો. પરંતુ ૨૦૧૬માં રિઝર્વ બેંકને તેનું ઔપચારિક સમર્થન ઉતાવળમાં મોકલવા માટે કહેવામાં આવ્યું હતું. તેનું કેન્દ્રીય બોર્ડ તેની સંપૂર્ણ તાકાતમાં ન હતું અને ન તો બેઠકમાં હાજરી આપનાર બોર્ડના સભ્યોને ઉદ્દેશ્યપૂર્ણ અભ્યાસ માટે જરૂરી અગાઉથી સૂચના આપવામાં આવી હતી. ગવર્નર ઉર્જીત પટેલ, ૧૯૪૬ અને ૧૯૭૮માર્જ ગવર્નરોથી વિપરીત, તેને સમર્થન આપ્યું અને પછી લોકો માટે આ પગલું નરક સાબિત થયું હતું. ૮ નવેમ્બર, ૨૦૧૬ના રોજ નોટબંધીની જાહેરાત અને ૩૧ ડિસેમ્બર, ૨૦૧૬ના રોજ આ નોટો બદલવાનો છેલ્લો દિવસ અને નોટોને કન્વર્ટ કરવા, વ્યક્તિગત ખાતામાંથી જમા ઉપાડવા અને રોકડ જમા કરવા માટેના નિર્દેશોમાં વારંવાર ફેરફાર કરવામાં આવ્યા હતા. સમગ્ર દેશમાં એટીએમ નિષ્ક્રિય હતા. કારણ કે, ચલણનો પુરવઠો માંગને પહોંચી વળવા માટે અપૂરતો હતો. આ ઉપરાંત, મશીનો રૂા.૫૦૦ની નવી નોટો અને રૂા.૨૦૦૦ની નવી નોટોને હેન્ડલ કરી શકતી ન હતી. કારણ કે, તેમને પુનઃ નામાંકિત કરવા માટે સમયની જરૂર હતી. રેગ્યુલેટરી ઓથોરિટીની દેખરેખ હેઠળ સમગ્ર નાણાકીય વ્યવસ્થા અસ્તવ્યસ્ત થઈ ગઈ હતી. રિઝર્વ બેંકના ગવર્નર ઉર્જીત પટેલનું મૌર્જ ચોંકાવનારૂં હતું. પાછળથી ડિસેમ્બર ૨૦૧૮માં તેમનું રાજીનામું આ નિષ્ફળતા માટે પ્રાયશ્ચિત કરવા માટેના સંકેત તરીકે પણ જોઈ શકાય છે. પરંતુ તે સમય સુધીમાં ભારતની નાણાકીય વ્યવસ્થાના સ્વતંત્ર રક્ષક તરીકે રિઝર્વ બેંકની વિશ્વસનીયતા અને કદને કાયમી નુકસાન થયું હતું. વૈશ્વિક સ્તરે એક મજબૂત અર્થતંત્ર તરીકે ભારતની છબિ ખરડાઈ ગઈ હતી. ધ ઈકોનોમિસ્ટ, ધ વોલ સ્ટ્રીટ જર્નલ અને ધ ફોર્બ્સ મેગેઝિન જેવા આદરણીય જર્નલ્સે આ મહત્ત્વપૂર્ણ પગલાં વિશે કટાક્ષ ટિપ્પણીઓ કરી હતી.

અહીં અનેક પ્રશ્નો ઊભા થાય છે, જો રિઝર્વ બેંકને અભિપ્રાય ઉપર પહોંચવા માટે સમય આપવામાં આવ્યો હોત, તો શું સાર્વભૌમ સરકારે તેની વ્યાવસાયિક સલાહ સ્વીકારી હોત ? તે અસંભવિત હતું.

આગળનો રસ્તો શું હોવો જોઈએ ? અમે વિવાદાસ્પદ કસરતમાંથી લીધેલ પાઠ સાથે પ્રારંભ કરીએ છીએ.

૧. સાર્વભૌમ તરીકે સરકાર ચલણના મુદ્દા અને વ્યવસ્થાપન ઉપર નિર્ણય લેવા માટે હકદાર હોવા છતાં, ૨૦૧૬નો નિર્ણય ચલણના નિયમનની ચોક્કસ ભૂમિકા માટે જવાબદાર નિષ્ણાતોની શાણપણથી લેવામાં આવ્યો ન હતો.

૨. સરકારનો નિર્ણય રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા એક્ટના ઉદ્દેશ્યો અને નાણાકીય સ્થિરતા અને વિકાસ પરિષદના આદેશથી વિરુદ્ધ હતો.

૩. રેગ્યુલેટરની ભૂમિકાને નજર અંદાજ કરીને સરકારે રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા એક્ટની અવગણના કરી હતી. સાર્વભૌમ દ્વારા નિયમનકારને બાયપાસ કરીને અતાર્કિક નિર્ણયના પરિણામોએ સ્પષ્ટપણે રિઝર્વ બેંકના ડેપ્યુટી ગવર્નર વિરલ આચાર્યને ૨૦૧૮માં એક વ્યાખ્યાનમાં નોંધવા માટે પ્રેરિત કર્યા હતા કે, 'જે સરકારો કેન્દ્રીય બેંકની સ્વતંત્રતાનો આદર કરતી નથી તેઓને વહેલા કે મોડા નાણાકીય બજારોનો ક્રોધનો સામનો કરવો પડશે.

૨૦૧૬ની નોટબંધીની કવાયતે ખરેખર અર્થવ્યવસ્થાને ડૂબાડી દીધી હતી, જે હકીકતમાં સરકારના ૨૦૧૫-'૧૬ના પોતાના આર્થિક સર્વેક્ષણ દ્વારા પુષ્ટિ કર્યા મુજબ પુર્નઃપ્રાપ્તિના માર્ગ ઉપર હતી. નાણાકીય સ્થિરતા માટેના નિયમન તરીકે સરકાર અને રિઝર્વ બેંક વચ્ચે વધુ સંકલન જરૂરી છે.

(સૌ. : સ્ક્રોલ.ઈન)

